Sunday
23.07.2023
*Volume :7 * Issue No.355

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

વંદે માતરમ્

કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)
*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય રોજગાર મેળાને સંબોધન કર્યું

આજે ભારત એ દેશોમાં સામેલ છે, જેનાં બેક્કિંગ ક્ષેત્રને સૌથી મજબૂત માનવામાં આવે છે

વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવી ભરતી થયેલા લોકોને ૭૦,૦૦૦થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું

"બેક્કિંગ ક્ષેત્રના લોકોએ મને કે મારાં વિઝનને ક્યારેય નિરાશ કર્યા નથી"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે રાષ્ટ્રીય રોજગાર મેળાને સંબોધન કર્યું હતું અને વિવિધ સરકારી વિભાગોઅને સંસ્થાઓમાં નવી ભરતી થયેલા લોકોને ૭૦,૦૦૦થી વધારે નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતુ. દેશભરમાંથી પસંદ કરવામાં આવેલી નવી ભરતીઓ વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં સરકારમાં જોડાશે, જેમાં મહેસૂલ, નાણાકીય સેવાઓ, પોસ્ટ, શાળા શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, સંરક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કેન્દ્રીય જાહેર ક્ષેત્રનાં સાહસો, જળ સંસાધન, કર્મચારી અને તાલીમ અને ગૃહ મંત્રાલય તેમજ અન્યનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીનાં સંબોધન દરમિયાન દેશભરનાં ૪૪ સ્થળોને આ મેળા સાથે જોડવામાં આવ્યાં હતાં. આ મેળાવડાને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતુંકે, આ ભરતી થયેલા યુવાન લોકો માટે જ યાદગાર દિવસ નથી પણ દેશ માટે પણ ઐતિહાસિક દિવસ છે, કારણ કે આજનો દિવસએ દિવસછે, જ્યારે તિરંગાને બંધારણ સભાએ વર્ષ ૧૯૪૭માં સૌપ્રથમ વખત તેનાં વર્તમાન સ્વરૂપમાં સ્વીકાર્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યુંહતું કે, આ ખૂબ જ પ્રેરણાની વાત છે કે, આ મહત્ત્વપૂર્ણ દિવસેસરકારી સેવાઓ માટે નવી ભરતી થયેલા લોકોને તેમનો નિમણૂકપત્ર મળીરહ્યો છે, સાથે જ તેમણે તેમને દેશનું નામ આગળ વધારવા પ્રોત્સાહન આપ્યું હતું.તેમણે ભારપૂર્વક જણાવ્યું હતુ કે, ભારત આઝાદી કા અમૃત મહોત્સવનીઉજવણી કરીરહ્યું છે, ત્યારે નવી ભરતી થયેલા લોકોને વિકસિત ભારતનાં લક્ષ્યમાં યોગદાન આપવાનીતક મળી રહી છે, તે તેમની મહેનત અને દ્રઢ નિશ્ચયનુંપરિણામછે. પ્રધાનમંત્રીએ આ મહત્ત્વપૂર્ણ પ્રસંગે ભરતી થયેલા લોકોને અને તેમનાં પરિવારજનોને અભિનંદન પાઠવ્યાં હતાં. આઝાદી કા અમૃત કાલમાં, પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, દરેક નાગરિકે ભારતને 'વિકસિત ભારત' બનાવવાનો સંકલ્પ લીધો છે. તેમણે તાજેતરનાં વર્ષોમાં દુનિયામાંથી ભારત પ્રત્યેનાં વિશ્વાસ, મહત્ત્વ અને આકર્ષણનો મહત્તમ લાભ ઉઠાવવા પર ભાર મૂકતા ભારપૂર્વક જણાવ્યું હતું કે, આગામી ૨૫ વર્ષ નવી ભરતી થયેલા લોકો અને દેશ માટે અતિ મહત્ત્વપૂર્ણ છે. તેમણે અગ્રણી અર્થવ્યવસ્થાઓમાંભારતના ઉદય પર પ્રકાશપાડ્યો કેમ કે ૧૦પરથી છલાંગ લગાવી વિશ્વની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. તેમણે એ વાતનો પણ પુનરોચ્ચાર કર્યોહતોકે, મોટાભાગના અર્થતંત્ર નિષ્ણાતો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ભારત વિશ્વની ટોચની ૩ અર્થવ્યવસ્થાઓમાંસ્થાન મેળવશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "દુનિયામાંટોચનાં ૩અર્થતંત્ર બનવું એ ભારત માટે એક મહાન સિદ્ધિ હશે." તેમણે જણાવ્યું હતુંકે, તેનાથી દરેકક્ષેત્રમાં રોજગારીનીતકો વધશે અને સામાન્ય નાગરિકોની આવકમાં પણ વધારો થશે. તેમણે ટકોર કરી હતી કે, સરકાર દ્વારા ભરતી થવામાં આજથી વધુ સારો સમય બીજો કોઈ હોઈ શકે નહીં કારણ કે નવાઅધિકારીઓને તેના અમૃતકાળમાં દેશની સેવા કરવાની સુવર્ણ તક મળી છે. તેમણે સૂચવ્યું હતું કે, તેઓની પ્રાથમિકતાઓ વિકસિતભારતનાં લક્ષ્યો સાથે પણ પોતાની જાતને સાંકળી લેવાની સાથે દેશનાં લોકોની સેવા કરવાની અને ઈઝ ઓફ લિવિંગ- જીવન જીવવાની સરળતા વધારવા માટે તેમની સમસ્યાઓનું સમાધાન કરવાનીહોવીજોઈએ. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "તમારા તરફથી કરવામાં આવેલો નાનો પ્રયાસ કોઈનાં જીવનમાં મોટું પરિવર્તન લાવી શકે છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતુંકે, જનતાએ ઈશ્વરનું સ્વરૂપ છે અને તેમની સેવા કરવી એ સ્વયં ઈશ્વરની સેવા કરવા જેવું છે. તેમણેભારપૂર્વક જણાવ્યુંહતું કે નવા ભરતી થયેલાએ સંતોષની સૌથી મોટી લાગણીને મેળવવા માટે અન્યની સેવા કરવાની માન્યતા સાથે કામ કરવું જોઈએ. આજના કાર્યક્રમમાંસારી સંખ્યામાં ભરતી થઈ છે એવાં બેંક્કિંગ ક્ષેત્ર વિશેવાતકરતાપ્રધાનમંત્રીએઅર્થતંત્રનાં વિસ્તરણમાં બેંક્કિંગક્ષેત્રની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ છેલ્લાં નવ વર્ષની સફરને યાદ કરતાં કહ્યુંહતું કે, "અત્યારે ભારત એવા દેશોમાં સામેલ છે, જેમનું બેંક્કિંગ ક્ષેત્ર સૌથી મજબૂત માનવામાંઆવે છે."ભૂતકાળમાં આ ક્ષેત્ર પર રાજકીય સ્વાર્થની ખરાબ અસર પરતેમણે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે ભૂતકાળના 'ફોન બેંક્કિંગ'નોઉલ્લેખ કર્યોહતો, જ્યારે શક્તિશાળી લોકોના ફોન કોલ પર લોનનુંવિતરણ કરવામાંઆવતું હતું. તેમણેકહ્યું હતુંકે, આ લોન ક્યારેય ભરપાઈ કરવામાંઆવી નથી. આ કૌભાંડોએ દેશનાં બેંક્કિંગ ક્ષેત્રની કમર તોડીનાખીહતી, એમ તેમણે કહ્યુંહતું. તેમણે પરિસ્થિતિને ફરીથી પ્રાપ્ત કરવા માટે ૨૦૧૪ પછી લીધેલાં પગલાઓની સૂચિ આપી. તેમણે સરકારીબેંકોનાં વ્યવસ્થાપન ને મજબૂત કરવા, વ્યાવસાયિકતા પર ભાર મૂકવા અને નાની બેંકોને મોટી બેંકોમાં એકીકૃત કરવાનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ૫ લાખ સુધીની થાપણોનો વીમો કરીને ૯૯ ટકાથી વધારે થાપણો સુરક્ષિત થઈ ગઈ છે, જે બેંક્કિંગ વ્યવસ્થામાં નવેસરથી વિશ્વાસ તરફ દોરી ગયું છે. બેંકરપ્સી કોડ જેવા કાયદાઓ દ્વારા, બેંકોને નુકસાનથી સુરક્ષિત કરવામાં આવીહતી. આ ઉપરાંત સરકારી સંપત્તિને લૂંટનારાની મિલકત ટાંચમાં લઈને તેમના પર પકડમજબૂતકરીને, નુકસાન અને એનપીએ માટે જાણીતી બેંકોની ચર્ચા તેમના રેકોર્ડ નફા માટે થઈ રહી છે. પ્રધાનમંત્રીએ બેંક્કિંગ ક્ષેત્રના કર્મચારીઓની સખત મહેનત પર ગર્વની લાગણી વ્યક્ત કરીહતી. તેમણે જણાવ્યું હતું કે, "બેંક્કિંગ ક્ષેત્રનાં લોકોએ મને કે મારાં વિઝનને ક્યારેય નિરાશ કર્યા નથી." પ્રધાનમંત્રીએ ૫૦ કરોડ જન ધન ખાતાઓ ખોલીને જન ધન ખાતા યોજનાને મોટી સફળતા

"સરકાર દ્વારા ભરતી થવા માટે આજના કરતા સારો સમય બીજો કોઈ હોઈ શકે નહીં"

અપાવવામાં બેંક્કિંગ ક્ષેત્રના પ્રયાસોને બિરદાવ્યા હતા. મહામારી દરમિયાન કરોડો મહિલાઓનાં ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવામાં આ એક મોટી મદદ હતી. એમએસએમઈ ક્ષેત્રને સુધારવા માટેના પ્રયાસો પર બોલતાં પ્રધાનમંત્રીએ મુદ્રા યોજનાનો ઉલ્લેખ કર્યો હતો, જે ઉદ્યોગસાહસિકોને કોલેટરલ-ફ્રી લોન પૂરી પાડે છે. તેમણે આ યોજનાને સફળ બનાવવા બદલ બેંક્કિંગ ક્ષેત્રનીપ્રશંસા કરીહતી. એ જ રીતે, જ્યારે સરકારે મહિલા સ્વસહાય જૂથોમાટે લોનની રકમ બમણી કરીઅને એમએસએમઈ ક્ષેત્રને લોન આપીને મદદકરી, જેણે નાના ઉદ્યોગોને સુરક્ષિત કરીને ૧.૫કરોડ નોકરીઓબચાવી, ત્યારે પણ બેંક્કિંગ ક્ષેત્ર એ સફળ પ્રયાસો કર્યા તેમણે પીએમકિસાન સન્માન નિધિને ભવ્ય સફળતા અપાવવા બદલ બેંક કર્મચારીઓનો આભાર પણ માન્યો હતો. સ્વનિધિ યોજનામાં ૫૦ લાખથી વધુ સ્ટ્રીટ વેન્ડર્સને મદદ કરવામાંઆવી હતી. "મને ખાતરી છે કે, તમે તમારા 'નિયુક્તપત્ર' (નિમણૂકપત્ર) સાથે બેંક્કિંગનેગરીબોનાં સશક્તીકરણનું સાધનબનાવવા માટે 'સંકલ્પ પત્ર' લેશો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, નીતિના તાજેતરના અહેવાલમાં જાણવા મળ્યું છે કે, છેલ્લાં પાંચ વર્ષમાં ૧૩ કરોડ ભારતીયોને ગરીબી રેખાથી ઉપર લાવવામાં આવ્યાં છે. તેમણે આમાં સરકારી કર્મચારીઓની સખત મહેનતને બિરદાવી હતી અને પાકાં મકાનો, શૌચાલયો અને વીજળીનાં જોડાણો માટેની યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. "જ્યારે આ યોજનાઓ ગરીબો સુધી પહોંચી, ત્યારે તેમનું મનોબળ પણ વધ્યું. આ સફળતા એ વાતનું પ્રતીક છે કે જો આપણે સાથે મળીને ભારતમાંથી ગરીબી દૂર કરવાના પ્રયાસો વધારીએ તો ભારતમાંથી ગરીબીસંપૂર્ણપણે દૂર થઈ શકે છે. અને ચોક્કસપણે, દેશના દરેક સરકારી કર્મચારીની આમાં મોટી ભૂમિકા છે," એમ પ્રધાનમંત્રીએ કહ્યું. પ્રધાનમંત્રીએ દેશમાં ગરીબીમાં ઘટાડો થવાનાં અન્ય એક પાસાં પર પણ પ્રકાશ પાડ્યોહતો, જે નિઓ-નવ- મધ્યમ વર્ગનુંવિસ્તરણ છે, જે રોજગારીની નવીતકોનું સર્જન કરી રહ્યોછે. નવ-મધ્યમ વર્ગની વધતી જતી માગ અને આકાંક્ષાઓ ઉત્પાદનને આગળ ધપાવી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતુંકે, ભારતનાં કારખાનાંઓ અને ઉદ્યોગોમાં ઉત્પાદન વધવાનો સૌથી વધુ લાભ દેશના યુવાનોનેજ થાય છે. તેમણે એ બાબતનોપણ ઉલ્લેખકર્યોહતો કે, ભારત કેવી રીતે દરરોજ નવા વિક્રમોનું સર્જન કરી રહ્યુંછે, પછી તે મોબાઈલ ફોનની નિકાસ હોય, વર્ષ૨૦૨૩માં પ્રથમ ૬ મહિનામાં વેચાયેલી કારનીસંખ્યા હોય અને ઈલેક્ટ્રિક વાહનોનું વિક્રમ વેચાણ હોય. તેમણે ઉમેર્યું હતું કે, "આ પ્રકારની તમામપ્રવૃત્તિઓથી દેશમાં રોજગારી અને રોજગારીની તકો વધી રહી છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "સમગ્ર વિશ્વ ભારતની પ્રતિભા પર નજર રાખી રહ્યું છે." તેમણે દુનિયામાં ઘણાં વિકસિત અર્થતંત્રોમાં ઊંચી સરેરાશ વયને કારણે કાર્યકારી વસતિમાં ઘટાડો થવાના મુદ્દાની નોંધ લીધી હતી. એટલે પ્રધાનમંત્રીએ કહ્યું હતુંકે, આ સમય ભારતના યુવાનો માટે મહેનત કરવાનો અને તેમનાં કૌશલ્યો અનેક્ષમતાઓ વધારવાનો છે. ભારતનીઆઈટી પ્રતિભાઓ, ડૉક્ટર્સ અને નર્સોની મોટી માગ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, દરેક દેશ અને દરેક ક્ષેત્રમાં ભારતીય પ્રતિભાઓ માટે સન્માન સતત વધી રહ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં ૯ વર્ષમાં સરકારે કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ આશરે ૧.૫ કરોડ યુવાનોને તાલીમ આપવામાં આવીછે. તેમણે ૩૦ કૌશલ્ય ભારત આંતરરાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપિત કરવાનોઉલ્લેખ પણ કર્યો હતો, જેથી યુવાનોને વૈશ્વિક તકો માટે તૈયાર કરી શકાય. પ્રધાનમંત્રીએ દેશભરમાં નવી મેડિકલ કૉલેજો, આઈટીઆઈ, આઈઆઈટી અને ટેકનિકલ સંસ્થાઓનાં નિર્માણ પર પણ વાત કરીહતીઅને જાણકારીઆપીહતી કે, વર્ષ ૨૦૧૪ સુધીઆપણાં દેશમાં ફક્ત ૩૮૦ મેડિકલ કૉલેજો હતી, જ્યારે છેલ્લાં ૯ વર્ષમાં આ સંખ્યા વધીને ૭૦૦થી વધારે થઈ ગઈ છે. તેમણે નર્સિંગ કૉલેજોની સંખ્યામાં નોંધપાત્ર વધારાનો પણ ઉલ્લેખ કર્યો હતો. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, "વૈશ્વિક માગને પૂર્ણ કરતી કુશળતાઓ ભારતના યુવાનો માટે લાખો નવી તકોનું સર્જન કરશે." સંબોધનનાસમાપનમાંપ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતુંકે, નિમણૂક પામેલા તમામઅત્યંત હકારાત્મક વાતાવરણમાં સરકારી સેવામાં જોડાઈ રહ્યા છે અનેઆ હકારાત્મક વિચારસરણીને આગળ ધપાવવાની જવાબદારી હવે તેમના ખભા પર છે. પ્રધાનમંત્રીએ તેમને શિક્ષણ અને સ્વ-વિકાસની પ્રક્રિયા ચાલુ રાખવા તથા સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલાં ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ આઈજીઓટી કર્મયોગીનો મહત્તમ લાભ લેવા પણ અનુરોધકર્યો હતો.

પ્રધાનમંત્રીએ જી૨૦ ઊર્જા મંત્રીઓની બેઠકને સંબોધન કર્યું

"આપણા વિચારો અને કાર્યોએ હંમેશાં આપણા 'એક પૃથ્વી'નું જતન કરવામાં, આપણા 'એક પરિવાર'ના હિતોનું રક્ષણ કરવામાં અને હરિયાળા 'એક ભવિષ્ય' તરફ આગળ વધવામાં મદદરૂપ થવું જોઈએ."

ઊર્જા વ્યક્તિઓથી લઈને રાષ્ટ્રો સુધીના તમામ સ્તરે વિકાસને અસર કરે છે.

"ભારતે નવ વર્ષ અગાઉ તેના બિન-અશ્મિભૂત સ્થાપિત વિદ્યુત ક્ષમતાના લક્ષ્યાંકને હાંસલ કરી લીધો છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો સંદેશ મારફતે ગોવામાં જી૨૦ ઊર્જા મંત્રીઓની બેઠકને સંબોધન કર્યું હતું. ભારતમાં મહાનુભાવોને આવકારતાપ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે,ભવિષ્ય, સ્થિરતા,વૃદ્ધિ અને વિકાસવિશેકોઈ પણ ચર્ચા ઊર્જાનો ઉલ્લેખ કર્યાવિના અધૂરીછે, કારણ કે તેનાથી તમામ સ્તરે વ્યક્તિઓ અને રાષ્ટ્રોનાં વિકાસ પર અસર થાય છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દરેક દેશ ઊર્જા પરિવર્તન માટે અલગ વાસ્તવિકતા અને માર્ગ ધરાવેછે, તેમછતાં તેઓ દ્રઢપણે માને છે કે, દરેક દેશનાં લક્ષ્યાંકો સમાન છે. ગ્રીન ગ્રોથ અને એનર્જી ટ્રાન્ઝિશનમાં ભારતના પ્રયાસો પર પ્રકાશ ફેંકતા તેમણે ધ્યાન દોર્યુંહતું કે, ભારત સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે અને વિશ્વમાં સૌથીઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે અને તેમછતાં તેની આબોહવા પ્રત્યેની પ્રતિબદ્ધતાઓ તરફ મજબૂતપણે આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રીએ જાણકારીઆપી હતી કે, ભારતે નવ વર્ષ અગાઉ બિન-અશ્મિભૂત સ્થાપિત વીજળીની ક્ષમતાનાં લક્ષ્યાંકને હાંસલ કરી લીધો છે અને પોતાનાં માટે વધારે ઊંચો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. તેમણેઉલ્લેખ કર્યોહતો કે, દેશ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા બિન-અશ્મિભૂત સ્થાપિત ક્ષમતા હાંસલ કરવાની યોજના ધરાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારત સૌર અને પવન ઊર્જામાં વૈશ્વિક નેતાઓમાંનુંએક છે."તેમણે આનંદ વ્યક્ત કરતાંકહ્યુંહતું કે, કાર્યકારી જૂથના પ્રતિનિધિઓને પાવાગડા સોલર પાર્ક અને મોઢેરા સોલર વિલેજની મુલાકાત લઈને સ્વચ્છ ઊર્જા પ્રત્યેની ભારતની પ્રતિબદ્ધતાના સ્તર અને વ્યાપને નિહાળવાની તક મળી છે. પ્રધાનમંત્રીએ છેલ્લાં ૯ વર્ષમાં દેશની ઉપલબ્ધિઓ પર પ્રકાશ ફેંકતા જણાવ્યું હતું કે, ભારતે ૧૯૦ મિલિયનથી વધારે પરિવારોને એલપીજી સાથે જોડ્યાં છે, ત્યારે દરેક ગામને વીજળીસાથે જોડવાની ઐતિહાસિક સિદ્ધિ પણ નોંધાવી છે. તેમણે લોકોને પાઈપ દ્વારા રાંધણ ગેસ પ્રદાન કરવા માટે કામ કરવા પર પણ વાત કરી હતી, જે થોડા વર્ષોમાં ૯૦ ટકાથી વધુ વસ્તીને આવરી લેવાની ક્ષમતા ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, "અમારો પ્રયાસ તમામ માટે સર્વસમાવેશક, સ્થિતિસ્થાપક, સમાન અને સ્થાયી ઊર્જા માટે કામ કરવાનો છે." પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, વર્ષ ૨૦૧૫માંભારતે એલઈડી લાઈટનાંઉપયોગમાટે એક યોજના શરૂ કરીનેએક નાનકડું આંદોલન શરૂ કર્યું હતું, જે દુનિયાનો સૌથી મોટો એલઈડી વિતરણ કાર્યક્રમ સાબિત થયો હતો, જે દર વર્ષે આપણને ૪૫ અબજ યુનિટ થી વધારે ઊર્જાનીબચત કરેછે. તેમણે વિશ્વમાં સૌથી મોટા કૃષિ પંપ સૌરીકરણનીપહેલ શરૂ કરવાઅને ૨૦૩૦ સુધીમાં ભારતના ઘરેલું ઈલેક્ટ્રિક વાહન બજારના ૧૦ મિલિયન વાર્ષિક વેચાણના અંદાજને પણ સ્પર્શ્યોહતો. તેમણે આ વર્ષે ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના રોલઆઉટની શરૂઆતપર પણ પ્રકાશ પાડ્યો હતો, જેનો હેતુ ૨૦૨૫ સુધીમાં આખા દેશને આવરી લેવાનો છે. ભારતને ડિકાર્બનાઈઝ કરવા માટે પ્રધાનમંત્રીએ જણાવ્યુંહતું કે, દેશ તેના વિકલ્પ સ્વરૂપેગ્રીન હાઈડ્રોજન પર મિશનમોડ પર કામ કરી રહ્યો છે અને તેનો ઉદ્દેશ ભારતને ગ્રીન હાઈડ્રોજન અનેતેનાડેરિવેટિવ્ઝના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે વૈશ્વિક કેન્દ્રમાં પરિવર્તિત કરવાનો છે. સ્થાયી, ન્યાયી, વાજબી, સર્વસમાવેશકઅને સ્વચ્છ ઊર્જાનાં પરિવર્તનને આગળ વધારવા માટે વિશ્વ જી૨૦ જૂથ તરફ મીટ માંડીને બેઠું છે એ બાબતની નોંધલઈને પ્રધાનમંત્રીએ ગ્લોબલ સાઉથને સાથે લેવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને વિકાસશીલ દેશો માટે ઓછા ખર્ચે ધિરાણ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે ટેકનોલોજીમાં રહેલી ખામીઓ દૂર કરવા, ઊર્જા સુરક્ષાને પ્રોત્સાહન આપવા અને પુરવઠા શ્રુંખલામાં વિવિધતા લાવવાનાં માર્ગો શોધવા પર ભાર મૂક્યો હતો.પ્રધાનમંત્રીએ 'ભવિષ્ય માટે ઈંધણ' પરજોડાણને મજબૂત કરવાનું સૂચન પણ કર્યું હતું અને નોંધ્યું હતુંકે, 'હાઈડ્રોજન પર ઉચ્ચ-સ્તરીય સિદ્ધાંતો' એ યોગ્ય દિશામાં એક પગલુંછે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ગ્રિડ ઈન્ટરકનેક્શન્સ ઊર્જા સુરક્ષામાં વધારોકરી શકે છે અને ભારત તેના પડોશીઓ સાથે આ પારસ્પરિક લાભદાયક સહકારને પ્રોત્સાહન આપી રહ્યું છે. "એકબીજા સાથે જોડાયેલી ગ્રીન ગ્રીડની દ્રષ્ટિને સાકાર કરવાથી પરિવર્તનઆવીશકે છે. તે આપણનેબધાને આબોહવાના લક્ષ્યાંકો હાંસલ કરવા, હરિયાળા રોકાણને પ્રોત્સાહન આપવા અને લાખો હરિયાળીરોજગારીનું સર્જન કરવા સક્ષમ બનાવશે." તેમણે તમામ સહભાગી રાષ્ટ્રોને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની ગ્રીન ગ્રીડ્સ ઈનિશિયેટિવ - 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ'માં જોડાવા આમંત્રણ આપ્યુંહતું. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આસપાસનાં વાતાવરણની સારસંભાળ રાખવીએ સ્વાભાવિક કે સાંસ્કૃતિક હોઈ શકે છે, પણ ભારતનું પરંપરાગત જ્ઞાનજ મિશન લાઈફ – જીવનશૈલી ફોર એન્વાયર્નમેન્ટનેમજબૂત કરેછે, આ એક એવુંઆંદોલન છે, જે આપણને દરેકને આબોહવા ચેમ્પિયન બનાવશે. સંબોધનના સમાપનમાં, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કેઆપણા વિચારોઅને કાર્યોએ હંમેશા આપણા 'એક પૃથ્વી' ની જાળવણી કરવામાં, આપણા 'એક પરિવાર'ના હિતોનુંરક્ષણ કરવામાં અને ગ્રીન 'વન ફ્યુચર' તરફ આગળ વધવામાં મદદ કરવી જોઈએ, પછી ભલે આપણે ગમે તે રીતેસંક્રમણ કરીએ.

૬ રોજગાર મેળામાં ૭.૫૦ લાખને નોકરી આપવામાં આવી :શ્રી માંડવિયા

કમલમ્ ન્યુઝ,

અમદાવાદમાં દિનેશ હોલ ખાતે સાતમો રોજગાર મેળો યોજાયોહતો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ રોજગાર મેળામાં વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. આ રોજગાર મેળામાં કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. આજે દેશભરમાં ૪૪ સ્થળોએ રોજગાર મેળા યોજાયો હતા. ૪૪ સ્થળોએ સરકારી નોકરીમાં લગભગ ૭૦ હજાર ઉમેદવારોને આજેનિમણૂક પત્રથશે એનાયતથયા છે.UPSC,SSC રેલવે ભરતી બોર્ડ અને IBPS જેવી એજન્સી થકી ઉત્તીર્ણ થયેલાઆજે નિમણુંક પત્રએનાયત કરવામાં આવ્યા હતા. આજે અમદાવાદ ખાતે આયોજિત રોજગાર મેળામાં સીબીડીટીમાં -૪, પોસ્ટ વિભાગમાં-૫, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં-૩, ગૃહ વિભાગમાં-૩, નાણા વિભાગમાં-૧૯, સંરક્ષણ વિભાગમાં-૧, ઈસરોમાં-૨, એલઆઈસીમાં-૧૦૩, ટેલિકોમ વિભાગમાં-૧, નાગરિક ઉડ્ડયનમાં-૧ એમ કુલ મળી ૧૪૨ ઉમેદવારને આજે નિમણુંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નિમણુંક પત્ર મેળનારા તમામ ઉમેદવારોને કર્મયોગી પ્રારંભ મોડ્યુલ થકી તાલીમ પણ આપવામાં આવશે.

કેન્દ્રીયમંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આ પ્રસંગે સંબોધન કરતા જણાવ્યું હતુંકે, આજે ૭મા રોજગાર મેળાનુંઆયોજન કરાયું છે. પ્રધાનમંત્રી શ્રી મોદી પારદર્શકતાના હિમાયતીછે દરેકને તેમનો અધિકાર મળેઅને વંચિત ન રહે તેનું ધ્યાન રાખે છે. શ્રી માંડવિયાએ કહ્યું કે, દેશમાં કુલ વસતિના એકથી ૨ ટકા સરકારી નોકરી હોય છે ત્યારે લાગવગ એ લાયકાત અને પૈસો એજ પરમેશ્વર તે જ ઈતિહાસ રહ્યો છે. હું ગરીબ ઘરનો અને ખેડૂત પરિવારથી સાથે જોડાયેલ છું. શાળામાં જન્મ દાખલોમાગ્યોત્યારે ખબર ન હતી અને જે તારીખ આવીતેમાં દાખલો બનાવ્યો. ૧૨માધોરણમાં ભણવા માટે કહ્યું, તો સુરત હીરા ઘસવા જવા કહેવાયું. અમે તને ભણાવીશું બે ખેતર રાખીને કામ કરીને પણ ભણાવીશું, પણ સાંભળ્યું છે કે લાગવગ હોય તેને નોકરી મળે પરંતુ મારી પાસે લાગવગ નથી, પૈસા નથી, નોકરી નહિ મળે એ સમયે આવી છબી હતી એ છબી અમે બદલી છે. દેશમાં ૧૦લાખ જગ્યા ખાલી છે,જેમાં ૯ હજારમાં ઈન્ટરવ્યૂ જરૂર નથી અને મેરીટ પર નોકરી આપવા નક્કી કર્યું. આજે ૭૦ હજારને નોકરી મળવાની છે. નોકરી મળનારને કેટલો આનંદ હોય, એકને નોકરી મળે અને પરિવારમાં ૫ સભ્ય હોય તો કેટલાને ફાયદો થાય ૬ રોજગાર મેળામાં ૭.૫૦ લાખને નોકરી આપવામાં આવી છે. સરકાર પાસે કોઈ અપેક્ષા નથી રાખતું,આપણી અપેક્ષા હોય તે મળે, મહેનત કરે, શ્રમ કરે તેને નોકરી મળે. લાગવગ અને પૈસાનેનહિ લાયકાતહોય તેને નોકરી મળે એવો મોદી સરકારનો નીર્ધાર છે. સરકાર અને દેશની સેવા કરવાનો મોકો મળે તેના સિવાય બીજી કોઈ સારી તક ન હોય. પ્રધાનમંત્રી મોદીએ આપ સૌમાં વિશ્વાસ મુક્યો છે, દેશ પ્રથમ હોય તે રીતે કામ કરજો. એક ફાઈલ ટેબલ પર પડી રહી તો દેશને નુકશાન થાયછે એ બાબતનું ધ્યાન રાખશો. રોજગાર મેળામાં સાંસદ નરહરિ અમીન, MLA દર્શના વાઘેલા, કંજન રાદડિયા, જીતુ પટેલ,હર્ષદ પટેલ અને અમદાવાદના મેયર કિરીટ પરમાર પણ ઉપસ્થિતરહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

આજથી ૨૦ વર્ષ પહેલા પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો હોય તેવા ૩૦-૩૫ વર્ષનાં લોકોનો જે શાળા પ્રત્યેનો અભિગમ છે તેનાથી એકદમ વિપરીત આજે ગુજરાતની સરકારી શાળાઓ જોવા મળે છે. આમાંથીઆજે વાતકરીએ તોગુજરાતના છોટાઉદેપુર જીલ્લાના ક્વાંટ તાલુકામાં મધ્યપ્રદેશના બોર્ડર પર આવેલ સૈડીવાસણ ગામમાં એક સરકારી શાળાને જોઈને શાળા વિશેની કલ્પના જ બદલાઈ જાય છે. દુરથી દુર્ગમ અને પહાડી વિસ્તાર માં આવેલ શાળાનું મકાન જોઈને પહેલા તોએવુ લાગ્યું કે જાણે કોઈ આંતરરાષ્ટ્રીય શાળા હોય, જેમ જેમ શાળાની પાસે જતાગયા તેમ તેમ ખ્યાલ આવ્યો કે રસ્તાની બન્ને બાજુ પર મકાન ધરાવતી આ શાળા કોઈ નિર્જીવ નહી પણ એક શિક્ષણના પર્યાય સમુંધબકતું એકવ્યક્તિત્વ જેવુંલાગ્યું. શાળાનીસ્વચ્છતા જોઈએ તો આંખો જોતી જ રહી જાય, આ ઉપરાંત વૃક્ષારોપણ તથા બગીચાની ડિઝાઈનજોઈએ તોખુબજ અચરજ પમાડે તેવાહતા. આ ઉપરાંત વાત કરીએ આ શાળા જોડે ૧૯૯૯થી જોડાયેલા અને શાળાની પ્રગતિમાં ભાગ આપનાર તેરસિંગભાઈ રાઠવાની જે ૨૦૧૨થી આ શાળાનાં આચાર્ય પણ છે. આચાર્ય કરતાં પણ વધુ એમ કહી શકાય કે તેઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની એક ટીમનું નેતૃત્વ કરનાર ગુરુ પણ છે. સૈડીવાસણની આ શાળા સમયસર રીતે શરૂ થાય છે અને બાળકોને એક પરિવાર જેવો ઉછેર મળે છે. શાળામાંઠેકઠેકાણે ચિત્રોછે, નોટીસ બોર્ડ પણ છે જે નોટીસ બોર્ડપર મોતીનાંદાણા જેવાઅક્ષરોથી શાળાની માહિતીપ્રદર્શિત કરાઈ છે. આઅક્ષરો બીજાકોઈના નહીપરંતુ શાળાનાં આચાર્ય તેરસિંગભાઈના જ છે. તેમનાંઅક્ષરો સુંદર એટલા માટે છે કે તેઓચિત્રકલાપણ શીખેલાછે. તેઓરાસગરબા, લોક નૃત્ય, લોક ગીત પણ જાણે છે. જેનો લાભ શાળાનાં બાળકોને સતત મળતો રહે છે. શાળામાં સરસમજાની પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ, સ્માર્ટબોર્ડ, સુંદર મજાનો બગીચો, સભાહોલ, કિચનપણ આવેલાછે. આ ઉપરાંતશાળામાં તમામ વર્ગોમાંસ્માર્ટ બોર્ડની વ્યવસ્થા છે. આચાર્ય અનુભવીતથા શિક્ષકો યુવાન અનેઅનુભવી છે. તમામ બાળકો, શિક્ષકો અને વાલીઓને સાથે લઈને કોઈ નિર્ણય લેવો એ તેરસિંગભાઈની ખાસિયત છે. તેરસિંગભાઈએ ૨૦૧૯માં શાળાની બાજુનું મકાન ખરીદવા માટે પોતાનાં ખિસ્સા માંથી ૭૫ હજાર રૂપિયા ઉમેર્યા હતા. ત્યારબાદ આ જગ્યામાં બગીચોઅને લોન નાખેલું મેદાન બાળકો માટે તૈયાર કરાવ્યું હતું. આ શાળા બાલાસિનોર ખાતેરાજ્યકક્ષાની નૃત્ય સ્પર્ધામાં ઝળકી ઉઠી છે. આ શાળામાં નબળા બાળકોને શિક્ષકો અલગથી બેસાડીને અભ્યાસકરાવે છે. શાળામાં દર વર્ષે અચૂક વાર્ષિકોત્સવ થાય છે, જેમાં બાળકો પોતાનાં કળા અને કૌશલ્યને પ્રસ્તુત કરે છે, જેમાંલોક સંગીત, વેશભૂષા અને ડાંગી નૃત્ય, વિવિધ રમતો ભજવવામાં આવે છે, જેમાં ગામલોકોનો સહિયારો સાથ મળી રહે છે.

ભાવનગરમાં આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ અન્વયે જિલ્લા કક્ષાએ મિલેટ્સ સ્પર્ધા નું દક્ષિણામૂર્તિ બાળ મંદિર ખાતે આયોજન

કમલમ્ ન્યુઝ,

ભારતની પરંપરાગત ખેત પેદાશો (શ્રી અન્ન)ની ખેતી અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે માન. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ-૨૦૨૩નેઆંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવાનું નક્કીકરેલ છે. જેનાઉપક્રમે ભાવનગર જિલ્લા માં પણ આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ અન્વયે આઈ.સી.ડી.એસ મહિલા અને બાળ વિકાસ વિભાગ જિલ્લા પંચાયત, ભાવનગર ધ્વારા "શ્રી અન્ન" (મિલેટ્સ)વાનગીહરીફાઈનું આયોજન દક્ષિણામૂર્તિબાળમંદિર ખાતે કરવામાંઆવ્યું હતું. મિલેટસ તથા તેમાંથી બનતી પોષણયુક્ત વાનગીઓ અને પરંપરાગત ધાન્યના ઉપયોગ વિશેની જાગૃતતા કેળવાય તેઉદેશ્ય થીઆ હરીફાઈનું આયોજન કરવામાંઆવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૪ ઘટક ના ઉમેદવારો વચ્ચે સ્પર્ધા કરવામાં આવેલ હતી. જેમાં ઉમરાળા, વલ્લભીપુર, તળાજા-૨, શિહોર, પાલીતાણા ૧ અને ૨, ભાવનગર ગ્રામ્ય, ગારિયાધાર, ઘોઘા, જેસર, મહુવા-૧, ૨ અને ૩ ના ઉમેદવારો વચ્ચે સ્પર્ધા કરવામાંઆવેલ હતી. આ સ્પર્ધામાં મિલેટ્સ થી બનાવેલ વાનગી જેમ કે શીરો, સુખડી, લાડુ, હાંડવો, પિઝા, નુડલ્સ, કટલેસ, ઢોકળા, ખિચડી, વડા, અપ્પમ, ખીર, ઘૂઘરા, ટીક્કી, ચરમિયા, દહીંવડા, કેક વગેરે જેવી વાનગી તૈયાર કરવામાંઆવી હતી. જેમાં શ્રીમતી વર્ષાબેન ભાલીયા આ જીલ્લા કક્ષાની "શ્રી અન્ન"" (મિલેટ્સ) વાનગી હરીફાઈમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ ગોસાઈ ઝરણાબેન ને બીજો અને ઉર્મિલાબેન વાઘેલા ને ત્રીજુ સ્થાન આહરીફાઈમાં પ્રાપ્ત થયેલ છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલ, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી, હોમસાઈન્સ કોલેજના ડૉ. રોનકબેન ઓઝા, ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન દવે, પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી શારદાગૌરી દેસાઈ, દક્ષિણામૂર્તિ સંસ્થાના નિયામકશ્રી, આચાર્યશ્રી, પ્રોજેક્ટ ઓફિસરશ્રી તથા આઈ.સી.ડી.એસના સભ્યશ્રીઓ અને આંગણવાડી ની બહેનો ઉપસ્થિતરહ્યા હતા.

વાપીમાં યુવા બોર્ડની બેઠક મળી, દરેક તાલુકા-પાલિકા વિસ્તારમાં "સ્વામી વિવેકાનંદ વન" અભિયાન હાથ ધરાશે

કમલમ્ ન્યુઝ,

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડની વલસાડ જિલ્લાની બેઠક વાપીની કેબીએસ કોલેજ ખાતેયોજાઈહતી. રાજ્યના ગૃહમંત્રી મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને બોર્ડના રાજ્યના સંયોજક કૌશલભાઈ દવેનામાર્ગદર્શન હેઠળ અગાઉ યોજાયેલી રાજ્ય કક્ષાની બેઠકમાં થયેલી ચર્ચા મુજબ આગામી સમયમાં થનારા કાર્યક્રમોની ચર્ચા થઈ હતી. આ બેઠકમાં વલસાડ જિલ્લા સંગઠનના મહામંત્રી શિલ્પેશભાઈ દેસાઈ અને યુવા બોર્ડના ઝોન સંયોજક હર્ષિતભાઈ દેસાઈએ સર્વે સંયોજકોને રૂ-૨૦ ગુજરાત સંવાદ કાર્યક્રમની સફળતા માટે ઝોનને દ્વિતીય ક્રમ મળ્યો એ બદલ અભિનંદનપાઠવ્યા હતા. આ બેઠક બાદ આજરોજ ઔદ્યોગિક નગરી વાપી ખાતેથી "સ્વામી વિવેકાનંદ વન" અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવાબોર્ડના સંયોજકો સાથે ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કાર્યક્રમનો શુભારંભ કરાવી વૃક્ષારોપણ અને તેનું રક્ષણ કરવા તેમજ પર્યાવરણ સંરક્ષણની જવાબદારી નિભાવવા ગામના સૌ યુવાઓનેઆહવાન કરી તેનું મહત્વ સમજાવ્યું હતું. આ "સ્વામી વિવેકાનંદ વન" અભિયાન આગામી તા.૩૦ જુલાઈ સુધીદરેક તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં ચાલશે. આ બેઠક તથા વૃક્ષારોપણ કાર્યક્રમમાં જિલ્લા સંયોજક કિરણભાઈ ભોયા તથા વલસાડ જિલ્લાના તમામ તાલુકા - નગરપાલિકાવિસ્તારના સંયોજકો તથા વાપીના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

દાદા ભગવાનના જીવન વિશે માહિતી આપવામાં આવેલ.



કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

આ સંસ્થા દ્વારા ડિપ્લોમા યોગ એજ્યુકેશન આપવામાં આવે છે. આ સંસ્થા શ્રીસોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા સંચાલિત ડિપ્લોમાઈન યોગનોઅભ્યાસક્રમ ચલાવવામાંઆવે છે. કમલમ ન્યુઝ ના રાકેશ વાળા દ્વારા આ સંસ્થાની મુલાકાત દરમિયાન દાદા ભગવાનના જીવન વિશે માહિતી આપવામાં આવેલ. આ સંસ્થામાં મુલાકાત દરમિયાન મળેલ વ્યક્તિ શ્રીચંદ્રકાંત શ્રીવાસ્તવસાહેબ, શ્રી પ્રદીપપટેલ સાહેબ, સોહિની શાહ મેડમ દ્વારા જીવન જીવવાનું મહત્વ સમજાવવામાં આવ્યું. દાદા ભગવાનનોજન્મ ૧૯૦૮ ગુજરાત રાજયમાં થયેલ, શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલ બાળપણથી એમને પ્રકૃતિ, ધર્મ, જીવન, વિજ્ઞાન નેચર હોલીસ્ટિકસાયન્સ, વિગેરે વિષયો પર વિચાર કરતા અને મનોમંથન કરતા, ૧૯૫૮માં પ્લેટફોર્મ નંબર ત્રણ રેલવે સ્ટેશન સુરત ઉપર આત્મજ્ઞાન થયું, **holestic science of life and living, Man is a Guest of Nature.Dada Bhagwan.**

સંસ્થાના ઉદ્દેશો:

વીતરાગવિજ્ઞાન ચેરીટેબલ રિસર્ચ ફાઉન્ડેશનના નીચે જણાવેલ ઉદ્દેશોને પૂર્ણ કરવા માટે હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર કાર્યરત છે.

૧. સમસ્ત માનવ જાતિના હિત માટે સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન (હોલિસ્ટિક સાયન્સ ઓફ લાઈફ એન્ડ લિવિંગ) વિષયક સંશોધન કરવા માટે.
૨. અધ્યયન, શોધકાર્ય અને શિક્ષણને આગળ વધારવા માટે માળખાગત સુવિધાઓ પૂરી પાડવાનીવ્યવસ્થા કરવી.
૩. વિદ્વાનોને સર્વાંગી જીવનદર્શન વિશે હોલિસ્ટિક સાયન્સના ક્ષેત્રમાં રિસર્ચ, ઉચ્ચ અભ્યાસ અને શોધકાર્ય માટે શિષ્યવૃત્તિઓ, ફેલોશીપ, પુરસ્કારો, એવોર્ડસ પ્રદાન કરવા.
૪. હોલિસ્ટિક સાયન્સ ઓફ લાઈફ એન્ડ લિવિંગ વિષયક સામયિકો, જર્નલ્સ (શોધ પત્રિકાઓ), પુસ્તકો, **E_Magazines** તેમજ અન્ય સામગ્રીતૈયાર કરવી.
૫. સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન(**Holistic Science of Life & Living**) વિષયક વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેમ કે સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમા કોર્સ તેમજ અન્ય અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવા.
૬. સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન(**Holistic Science of Life & Living**) વિષયને પ્રોત્સાહિત કરવા માટે સેમિનાર, કોન્ફરન્સ, સીમ્પોજીયમ્સ, વર્કશોપ, પ્રશિક્ષણને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરવું તથા આ પ્રવૃત્તિઓને સહાય કરવી.
૭. જુદા-જુદા પ્રસંગોએ સ્વતંત્ર રીતે તેમજ અન્ય સંસ્થાઓના સહયોગથી એન્ડોમેન્ટ વ્યાખ્યાન, સીમ્પોજીયમ્સ અને બેઠકો યોજવી તેમજ સ્પોન્સર કરવી.
૮. સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન(**Holistic Science of Life & Living**) વિષયક અધ્યયન તેમજ રિસર્ચના ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓ સાથે શૈક્ષણિક તેમજ વહીવટી સહયોગ સ્થાપવો.
૯. સાર્વજનિક હિતમાં અન્ય કોઈપણ સામાજિક-શૈક્ષણિક પ્રવૃત્તિને હાથમાં લેવીતથા તેને પ્રોત્સાહન આપવું.

મહુવા તાલુકાનામહુવરિયા ગામ ની અંબિકા હાઈસ્કુલ માં વ્યસનમુક્તિ,આરોગ્ય,અને આધ્યાત્મ ના ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીદ્વારા આદિવાસી સમાજ માટે ની સંવેદનાસભર યોજના "રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નિર્મૂલન અભિયાન" અંતર્ગત, આદિવાસી સમાજમાં જ જોવા મળતા આનુવંશિક રોગ સિકલ સેલ એનિમિયા ને નાથવા માટે સુરત જીલ્લા ના અંતરીયાળ મહુવા તાલુકાના મહુવરિયા ગામ ખાતેઆવેલ અંબિકાહાઈસ્કૂલ માં મહુવરિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર ડૉ.મિતેષ પટેલ ની રાહબરીહેઠળ લેબ ટેક્નિશિયન, સ્ટાફ નર્સ, એફ એચડબલ્યુ વર્કર, આશા વર્કર ની ટીમ સાથે "સિકલસેલ એનિમિયા નિર્મૂલન અભિયાન" નેસાર્થક કરવા શાળા ના બાળકો નાસ્ક્રીનીંગ(બ્લડ)ટેસ્ટ કરી સિકલસેલ નીતપાસ કરી કાર્ડ તૈયાર કરી આપવામાંઆવ્યા હતા, સિકલસેલ રોગ વિશે વિસ્તૃત માહિતી આપી બાળકો ને માર્ગદર્શિત કરાયા હતા સાથે સાથે ટીબી, મેલેરિયા, લેપ્ટોસ્પાઈરોસીસ, રકતપિત ની પણ તપાસ કરવામાં આવી હતી. ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય શાખા સુરતદ્વારા" રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ" થકી બાળકો માં જાગૃતિ સંબંધે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ(R B S K)ના ડો. ધર્મિષ્ઠાપટેલ, ડૉજીગ્નેશ મકવાણા વગેરેની ટીમ દ્વારા 'તમાકુ નિષેધ' કાર્યક્રમ હેઠળ નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા નું આયોજન શાળા માં કરવામાંઆવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વ્યસન મુક્તિ પ્રત્યેના પ્રેરક મૌલિક ચિત્રો અને નિબંધો નું આલેખન કર્યું હતું, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં એક થી ત્રણ નંબર પર આવનાર કૃતિઓને ઈનામ વિતરણ ગામના વડીલ નાથુદાદા ડો.મિતેશ પટેલ, હેમંત ચૌધરી વગેરે ના હસ્તે કરવામાં આવ્યું હતું. હાઈસ્કૂલના સંચાલન સાથે જોડાયેલા ગામના વડીલ નાથુ દાદા નો જન્મદિવસ પણ યોગાનુયોગ આજરોજ હોવાથી શાળાના બાળકોને તિથિભોજન ના રૂપમાં અલ્પાહાર તેમજ આશીર્વચન સાથેઅધ્યાત્મના પાઠ આ પ્રસંગે આપવામાં આવ્યા હતા, શાળા સંચાલક મંડળના પ્રમુખ તેમજ ગામના પ્રથમ નાગરિક સરપંચ બાબુભાઈ પટેલ શાળાના મંત્રી રાજેશભાઈ ચૌધરી સભ્ય કુંતાબેન ચૌધરી વગેરે ની પ્રેરક ઉપસ્થિત માં શાળાના ઈન્ચાર્જ આચાર્ય મિતલબેન દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાંઆવ્યું હતું.

ડીસા નગરપાલિકાના વોર્ડ ૯ માં ભારતીય જનતા પાર્ટીના કમળ પર ચૂંટણી લડશે

કમલમ્ન્યુઝ,આનંદ ઠક્કર

ડીસા નગરપાલિકાના વોર્ડ ૯ માં એક સદસ્યે આપેલા રાજીનામાના કારણે ખાલી પડેલી બેઠક પરપેટા ચૂંટણીમાટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારે આજે વિજયી મુહૂર્તે પાર્ટીના સંનિષ્ઠ આગેવાનો પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા તેમજ ભાજપના તમામ મોર્ચાના અગ્રણીઓ કાર્યકરો અને લોધા સમાજના આગેવાનો યુવાનો સર્વ સમાજના લોકોમુસ્લિમ બિરાદરો સહિત સમર્થકો સાથે પત્રકાર એવા કાંતિલાલ બાબુલાલલોધાએ પોતાનું ફોર્મ રજૂ કર્યું હતું. પાલિકાના વોર્ડ ૯માં આ વખતે પેટા ચૂંટણીમાં ભાજપનાકમળઉપર ચૂંટણી લડશે. રાજ્યભરમાંનગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઓગસ્ટ ૨૦૨૩માં ચૂંટણી યોજવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ત્યારે ડીસાનગરપાલિકામાંવોર્ડ નંબર ૯ના સદસ્યની ખાલી પડેલી બેઠકની પણ પેટાચૂંટણી યોજાવાની છે. પાલિકાના વોર્ડ નંબર ૯માં અપક્ષ સદસ્ય તરીકે ચૂંટાયેલા સાદિક શેખે છ માસ અગાઉ પોતાના અંગત કારણોસર રાજીનામુંઆપી દીધુંહતું. ત્યારથી આબેઠક ખાલીપડી હતીજેની પેટા ચૂંટણી જાહેર થતાઆજે ભારતીય જનતા પાર્ટીએ ડીસા શહેરના પત્રકાર કાંતિલાલબાબુલાલ લોધાને પોતાનો ઉમેદવાર જાહેર કરતા કાંતિલાલ લોધાએ પોતાનું ચૂંટણી ફોર્મભર્યું હતું. કાંતિલાલ બાબુલાલ લોધાએ પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, જિલ્લા પ્રભારી, શહેર પ્રમુખ પ્રતિક પઢિયાર, મહામંત્રી હકમાજી જોષી, ડીસા એપીએમસી ચેરમેન ગોવાભાઈ રબારી, કનુભાઈ વ્યાસ, કૈલાસભાઈ ગેલોત, પાર્ટીના સંનિષ્ઠ આગેવાનો સહિતના ડીસા નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને આગેવાનોની હાજરીમાં નાયબ કલેક્ટર કચેરી ખાતે ફોર્મ રજૂ કર્યું હતું. આ અંગે પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ડીસા પાલિકાની પેટા ચૂંટણી માટે વોર્ડ નંબર નવમાં ભારતીય જનતા પાર્ટી આ વિસ્તારના સક્રિય કાર્યકર અને હંમેશા લોકો વચ્ચે રહી લોકોના કામ કરતા યુવા આગેવાન કાંતિલાલ બાબુલાલ લોધાને ઉમેદવાર બનાવ્યા છે. તેમજ પાલિકાના વોર્ડ નંબર ૯માં ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ કમળપર ચૂંટણી લડશે. હાલમા તેમની ચાહના અને બહોળા પ્રતિસાદથી જ્વલંત વિજય મેળવી ભારતીય જનતા પાર્ટીના કમળને ખિલવશે.

વાલોડ તાલુકાની માધ્યમિક શાળઓમાં BIS દિલ્હી દ્વારા સ્ટાન્ડર્ડ કલબ સ્થાપી અંગે તાપી ના આર.પી કેતનભાઈ શાહ દ્વારા માર્ગદર્શન આપ્યું

કમલમ્ ન્યુઝ,

જી.સી પટેલ સ્કુલ ખાતે ભારતીય માનક બ્યુરો સુરત રીજીઓનલ ઓફીસ દ્વારા શાળાઓમાં બાળકોને સ્ટાન્ડર્ડ વસ્તુઓ, આઈ એસ આઈ માર્ક, એગ માર્ક, આઈ એસ ઓ, જી.સી.પટેલ ૯૦૦૧ તે બાબતે તાપી જીલ્લાના રીસોર્શપર્સન કેતનભાઈ શાહ દ્વારા જુદા જુદા ઉદાહરણો આપી વસ્તુઓ કેવી ખરીદવી અને કેવી ના ખરીદવી તેના વિશે સજકતાનો કાર્યક્રમ જિ.સી પટેલ સ્કુલના આચાર્ય શ્રી આહીરભાઈ અને અનુશિયાબેનના વડપણહેઠળ યોજાયોજેમાં સ્ટાન્ડર્ડ વસ્તુઓ વિશેની નિબંધ સ્પર્ધા કરવામાં આવી. જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં ચાર વિશિષ્ટ સારા નિબંધોને પુરસ્કાર જે તે બાળકને આપી પ્રોત્સહિત કરવામાં આવ્યા. આવનારા દિવસોમાં ધોરણ-૧૧ ના બાળકોને પણ આ રીતે માર્ગદર્શન આપી સ્ટાન્ડર્ડ વસ્તુઓ વાપરવા વિશેજાગૃત કરીશું.

અમદાવાદમાં જિલ્લા પંચાયત કચેરી ખાતે આઇ.સી.ડી.એસ. વિભાગ દ્વારા 'શ્રી અન્ન' (મીલેટ્સ)ની વાનગીઓનું પ્રદર્શન અને સ્પર્ધા યોજાયા

'શ્રી અન્ન' (મીલેટ્સ)ની વાનગીઓના પ્રદર્શનમાં ૨૩૧૮ જાતની જુદી જુદી વાનગીઓ દર્શાવવામાં આવી

જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેની પ્રોત્સાહક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા પંચાયતમાં ગુજરાત સરકારના મહિલા અને બાળ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં મિલેટ્સમાંથી બનતી વાનગીઓ અંગેની જુદા જુદા સ્તરની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. ભારતની પરંપરાગત ખેતપેદાશો 'શ્રી અન્ન' (મિલેટ)ની ખેતી અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની હિમાયતનાપગલે સંયુક્તરાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષતરીકે ઊજવવાનુંનક્કી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લાના૯ તાલુકામાં આઈ.સી.ડી.એસ. શાખાના કુલ ૬૦ સેજાઓમાં 'શ્રી અન્ન' (મિલેટ)નીવાનગીઓના પ્રદર્શનનું આયોજન કરવામાંઆવ્યું હતું આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી કેન્દ્રના કાર્યકર બહેનો દ્વારા કુલ ૨૩૧૮ જુદી જુદી વાનગીઓને પ્રદર્શિત કરવામાં આવીહતી. સેજા કક્ષાએ ૧થી ૩ નંબર આપીને ઈનામ તથા પ્રમાણપત્રથી આ બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાંતેમજ અમદાવાદગ્રામ્યના ૧૨ ઘટક કક્ષાએ 'શ્રી અન્ન' (મિલેટ) વાનગી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમા ૫૪૦ વાનગીઓ બનાવીને નિદર્શન કરવામાંઆવીહતી. ઘટક કક્ષાએ પણ ૧થી ૩નંબર આપીને ઈનામ તથા પ્રમાણપત્રથી આ બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આઈ.સી.ડી.એસ. શાખાના ૭૫૦ જેટલાં આંગણવાડી કાર્યકર બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અમદાવાદ જિલ્લાના ૧૨ ઘટકોમાંથી કુલ ૩૬ વાનગીઓ નિદર્શનમાંઆવી હતી, જેમાં પ્રથમ નંબર ઘટક માંડલના નાના ઉભડ આંગણવાડી કેન્દ્ર નંબર ૨ના કાર્યકર નીતાબહેન, બીજા નંબરે દસક્રોઈ-૨ના કુહવા આંગણવાડી કેન્દ્ર-૫નાકાર્યકર બહેન અને ત્રીજો નંબર સાણંદ-૨ના માધવનગર કેન્દ્ર નંબર-૩ના કાર્યકર બહેનને મળ્યો હતો. આ બહેનોને ઈનામ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં તથા આ વાનગી સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ આંગણવાડી કેન્દ્રોના બહેનોને પણ ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જિલ્લાકક્ષાના આ 'શ્રી અન્ન' (મિલેટસ) કાર્યક્રમમાં જિલ્લા વિકાસઅધિકારીશ્રી એમ.કે. દવે, મહિલા અને બાળ કમિટીના ચેરમેનશ્રી, ડેપ્યુટી ડીડીઓશ્રી, વિકાસ, ડેપ્યુટી ડીડીઓશ્રી, પંચાયત અને આઈ.સી.ડી.એસ. વિભાગ, શિક્ષણ વિભાગ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સ્વદીપ સંસ્થાના ડાયરેક્ટરશ્રીએ હાજરીઆપી હતી.

ભરૂચ જિલ્લામાં અનોખું એ.ટી.એમ મશીન

ભરૂચ જિલ્લાના ખેડૂતો ગ્રાહકોને રોજિંદી જરૂરીયાતની સામગ્રી એ.ટી.એમ થકી પહોંચાડે છે

ઓનલાઇન પેમેન્ટ કરવાની સાથે એટીએમ મશીનમાંથી ખેડૂતોની ઓર્ગેનિક પ્રોડક્ટ ગ્રાહકોને સીધી મળી રહે છે

કમલમ્ન્યુઝ,નરેન્દ્ર પટેલ

જો તમને કોઈ કહે કે એટીએમમાં જઈને ઓનલાઈન પેમેન્ટ કરવાથીરોજબરોજની જરૂરીયાતનીચીજ-વસ્તુઓ મળીરહેશે. રૂપિયાની જરૂર હોય તેમ એટીએમમાંથી ઉપાડી શકે તે જ રીતે ગ્રાહક એ.ટી.એમમાંથી જીવન જરૂરી સામગ્રી ઉપાડીશકે તો આદિવાસ્વપ્ન જેવું જ લાગે પરંતુ આ દિવાસ્વપ્ન ભરૂચ જિલ્લાના ખેડૂતોએ હકીકતમાં પુરવાર કર્યું છે. ડિજિટલ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટે સરકાર અથાક પ્રયત્ન કરી રહ્યું છે. જેને એક કદમ આગળ વધીને ભરૂચ જિલ્લાના ખેડૂતોએ નવતર આયામ અમલમાં મૂક્યો છે. જે અંતર્ગત ઓનલાઈન પેમેન્ટ કરવા સાથે એટીએમ મશીનમાંથી જીવન જરૂરી સામગ્રી મળી રહે તે માટે ભરૂચ જિલ્લાના ખેડૂતોએ "ગૌ એકતા એ ગ્રી ઓર્ગેનિક" દ્વારા એક અનોખું એટીએમ મશીન ઊભું કરાયું છે. જે ૨૪ કલાક ગ્રાહકો માટે કાર્યરત બનતા આર્શીવાદરૂપ સાબિત થયું છે. ભારત દેશ એક ખેતીપ્રધાન દેશ માનવામાંઆવે છે. ખેડૂતોપણ હવે આત્મનિર્ભર ભારતનીસંકલ્પના સાકાર કરવા માટેના તમામ પ્રયાસો કરતા હોય છે. ખેડૂતો પોતાના ખેતરોમાં પકવેલા પાકથી માંડી પોતાના પશુઓનું દૂધગ્રાહકો સુધીપહોંચાડવા માટેના પ્રયાસો કરતા હોય છે. જેના પગલે હવે ખેડૂતોએ સંગઠન બનાવીને આત્મનિર્ભર કેવી રીતે બનાય તે માટેના પ્રયાસો કરી રહ્યા છે. જેના ભાગરૂપે ભરૂચના ઝાડેશ્વર ગામમાં સાઈ મંદિર નજીક ખેડૂતોની તમામ ઓર્ગેનિક સામગ્રીઓ ગ્રાહકો સુધી પહોંચે તે માટે જેમ રૂપિયાની જરૂર હોય તેમ એટીએમમાંથી ઉપાડી શકે તે જ રીતે ગ્રાહક એ.ટી.એમ.માંથી જીવનજરૂરી સામગ્રી ઉપાડી શકે તે માટેનુંએક એ.ટી.એમમશીન કાર્યરત કરવામાં આવ્યું છે. ઝાડેશ્વર ગામમાં ખેડૂતોએ એક અનોખો એટીએમ મશીન ઊભું કર્યું છે. જેમાં ૨૪ કલાક ગ્રાહકોને જીવન જરૂરી સામગ્રી એવી દૂધ, પાણી, ઘી, દહી છાશ સહિતની સામગ્રીઓ એટીએમ મશીન ઉપરથી ઓનલાઈન પેમેન્ટ કરતા જ તેમને આ સામગ્રીઓ તરત મળી રહે છે. આ એટીએમ મશીન ગુજરાતમાં સૌ પ્રથમ ભરૂચ જિલ્લામાં કાર્યરત કરાયું છે. એટીએમ મશીન પ્રોજેક્ટ સફળ રહ્યોહોવાના કારણે આગામી દિવસોમાં ભરૂચ જિલ્લાના અન્ય સ્થળોએ પણ કાર્યરત કરનાર હોવાનું ખેડૂત અગ્રણી જણાવ્યું છે. ખેડૂતો દ્વારા ગૌ એકતાએગ્રી ઓર્ગેનિક સંસ્થા દ્વારા મૂકવામાં આવેલું એટીએમ મશીન ઘણા ગ્રાહકો માટે આર્શીવાદરૂપ સાબિત થયું છે. દુકાનો ઉપર ખરીદી માટે જેટલો સમય લાગતો હોય છે તેના કરતાં ઓછો સમય એટીએમ મશીનમાં થાય છે અને ખેડૂતોનું ઓર્ગેનિક પ્રોડક્ટ ગ્રાહકોને સીધું મળીરહે છે. જેના કારણે એટીએમપ્રોજેક્ટ ગ્રાહકો માટે આર્શીવાદરૂપહોવાનું પણ ગ્રાહકો જણાવી રહ્યા છે.

પાટણ જિલ્લા કક્ષાએ શ્રી અન્ન (મિલેટ્સ) વાનગી હરીફાઈ સ્પર્ધા યોજાઈ

સિદ્ધપુરની સંસ્કૃતિમાંથી પણ મિલેટ્સ અંગેના પુરાવા મળ્યા હતા. - જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાનુમતીબેન.

કમલમ્ ન્યુઝ,

ભારતની પરંપરાગત ખેત પેદાશશ્રી અન્ન(મિલેટ્સ)ની ખેતી અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા માન. વડાપ્રધાન શ્રીની હિમાયતના પગલે સ્યુકતરાષ્ટ્ર વર્ષ ૨૦૨૩નું "આંતરરાષ્ટ્રીય મીલેટ્સ વર્ષ" તરીકે ઉજવવાનું નક્કી થયેલ છે. જેના અનુસંધાને સમગ્ર ગુજરાતમાં શ્રી અન્ન (મિલેટ્સ) ઉજવણી થઈ રહી છે. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાનુમતીબેન મકવાણાનાઅધ્યક્ષસ્થાને મિલેટ્સ વાનગી સ્પર્ધા" નુ આયોજન આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. આંગણવાડી ના નાનાભૂલકાઓએ જાડા ધાન અંગે એક પાત્રિય અભિનય કર્યો હતો. યુવતીઓ દ્વારા પણ મિલેટ્સ અંગે ગીતરજૂ કરવામાંઆવ્યું હતું. આ મિલેટ્સ અનાજમાં બાજરી, રાગી, કોદરા, રાજગરો, જુવાર વગેરેનો સમાવેશ થાય છે. તેઓને મિલેટ્સ અથવાશ્રી અન્ન કહેવામા આવે છે. ઉપયોગથી ઘણા બધા રોગો દૂર થાય છે. આજે પાટણ જિલ્લાકક્ષાએ શ્રીઅન્ન (મિલેટ્સ) વાનગી હરીફાઈ સ્પર્ધામાં પ્રથમ નંબરે, બીજા નંબરે, ત્રીજા નંબરે આવેલ આંગણવાડી કાર્યકર્તાઓને આકર્ષક ઈનામ પણ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને સંબોધતા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાનુમતીબેને જણાવ્યું હતું કે મિલેટ્સએ આપણી પરંપરાગત વાનગીઓનો જ એક ભાગ છે આમા પોષ્ટિક તત્વો પુરતા પ્રમાણમાં હોય છે તેથી જ માન. પ્રધાનમંત્રીજીનાહિમાયતના પગલે સયુંકત રાષ્ટ્રે વર્ષ ૨૦૨૩ ને "આંતરરાષ્ટ્રીય મીલેટ્સવર્ષ" તરીકે ઉજવવાનુ નક્કી થયેલ છે. જેના લીધે વિદેશમા પણ પ્રાકૃતિક ખેતી આધારીત મિલેટ્સ વાનગીઓની માંગ વધી રહી છે. આજે કહેતા હર્ષની લાગણી થઈ રહી છે કે સિધ્ધપીણની સંસ્કૃતિમાંથી પણ મિલેટ્સ અંગેના પુરાવા મળ્યા હતા. બર છઠ ધાન્ય ઘણાજ પ્રાચીન સમયથી ઉગાડવામાં આવે છે. આમ મિલેટ્સશકિતવર્ધક છે તેના ઉપયોગથી બ્લડપ્રેશર,સ્ટ્રોક, કેન્સર ના જોખમો ઘટી શકે છે. આજના પ્રસંગે ICDS વિભાગ દ્વારા મિલેટ્સમાંથી સરસ મજાની વાનગી બનાવી તે બદલ હું તેમને ધન્યવાદ આપું છું. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ વિભાગ કમિશ્નર વ સચિવશ્રી કે.કે.નિરાલાજીએ જણાવ્યું હતું, પાટણમાં આંગણ વાડીમાં તમામ પ્રકારની સુવિધાઓ પ્રદાન થાય તે માટે ચહીવટીતંત્રને સૂચન કર્યું હતુ. પાટણ જિલ્લામાં કોઈપણ બાળકુ કુપોષિત ન રહે તે જોવાની જવાબદારી સરકારી તંત્રની સાથે દરે, ધાર્મિક નેતાઓ, સામાજિક સંસ્થાઓની પણ છે. તેઓ બાળકો સુપોષીત રહે તે માટેના વિચારો ફેલાવવાની સાથે તે દિશામાં કામ કરવાની તકીદ જરૂર છે. આ પ્રોગ્રામમાં જીલ્લા પંચાયત પ્રમુખશ્રીભાનુમતિબેન મકવાણા, મહિલા અને બાળ વિકાસ વિભાગ કમિશ્નર વસચિવશ્રી કે.કે.નિરાલા, પાટણ કલેકટરશ્રી અરવિંદ વિજયન, જીલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એમ.સોલંકી, વિરોધ પક્ષના અશ્વિનભાઈ, ચેરટી ફ્લબના પ્રમુખ શોઢાજી તેમજ તેમની ટીમ, રીજીઓનલ સાયન્સ સેન્ટરનાડાયરેકટરશ્રી શાસ્ત્રીજી , સંગઠનનાં હોદે દારો દશરથજી, ભાવેશભાઈ, ઝઝુજ અધિકારીશ્રી ગોરીબેન સોલંકીતેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓતથા બહોળી સંખ્યામાં આંગણ વાડીની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા વિદ્યાનગર ખાતે વ્યસન મુક્તિ કાર્યક્રમ તથા ડેન્ગ્યુ વિરોધી માસ વર્કશોપ યોજાયો

કમલમ્ ન્યુઝ,આણંદ

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત "ટોબેકો મુક્ત યુથ" કેમ્પેઈનની ઉજવણીના ભાગરૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. આર. બી. કાપડીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વિદ્યાનગર સ્થિત વી.પી. સાયન્સ કોલેજખાતે વ્યસન મુક્તિ કાર્યક્રમ અને ડેન્ગ્યુ વિરોધીમાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એપેડેમિક મેડિકલ ઓફિસર ડો. રાજેશ પટેલે વિદ્યાર્થીઓને તમાકુની આડ-અસરો, તમાકુથી થતા આર્થિક-સામાજિક ગેરફાયદાઓ તથા તમાકુ નિયંત્રણ અધિનિયમના કાયદાની સમજ આપી હતી.

આઉપરાંતમેણે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકન ગુનીયા જેવા વાહકજન્ય રોગોના નિયંત્રણ અને અટકાયત વિશે વિસ્તૃત માહિતી આપેને મચ્છર નાઈડમાંથી મચ્છર કેવી રીતે પેદા થાય છે તેની જાણ કારી આપી હતી. આ તકે વિદ્યાર્થીઓને તમાકુના વ્યસનથી મુકતથવા અનેપોતાના ઘર-સમાજ તથા ગામને તમાકુ મુક્ત કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી, તેમજ પોસ્ટર અને મચ્છરનું જીવંત નિદર્શન બતાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલશ્રી પિયુષભાઈ લશ્કરી, એન. એસ.એસ પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડો. રાજીવ ભટ્ટી, ઝુલોજી વિભાગના હેડ ડો. નિકુંજ ભટ્ટ ,શ્રી અમૃતભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ, વિદ્યાનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમતેમજ મોટી સંખ્યામા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સાહિત્ય અકાદમી અને શ્રી નિમ્બાર્ક શોધ સંસ્થાન હિમતનગરના સંયુકત ઉપક્રમે શ્રી ઉમાશંકર જોશી જ્યંતિ ઉજવાઈ

કમલમ્ ન્યુઝ,

સાબર કાંઠા જિલ્લાના હિંમતનગર બમણા ગામના અને ગુજરાતી ભાષાનાં સમર્થ કવિ અને સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીની ૧૧ ઉમી જન્મ જયંતિ હિંમતનગર આર્ટસકોમર્સ કોલેજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને શ્રી નિમ્બાર્ક શોધ સંસ્થાનનાં સંયુકત ઉપક્મે યોજવામાં આવી હતી. આ પ્રસંગે ડો. પ્રેમજી પટેલે શ્રી ઉમાશંકરનાં જીવન પર વ્યાખ્યાન આપ્યું હતું જેમાં તેમણે જણાવ્યું કે સાહિત્ય જગતમાં સાબર કાંઠાની ઓળખ એટલે શ્રી ઉમાશંકર જોષી. તેમના સાહિત્યમા સાબરકાંઠા જિલ્લાનાપ્રાકૃતિક સૌદર્ય નુંવર્ણન જોવામળે છે. નિશીથ(મધ્ય રાત્રિનો દેવતા) — આ કાવ્યસંગ્રહને ૧૯૬૮માં જ્ઞાનપીઠ પારિતોષિક આપવામાં આવ્યોહતો. ગુજરાતીસહિત્યના અનેક પ્રકારો જેવાકે કવિતા, ટૂંકી વાર્તા, એકાંકી નાટકો, નિબંધો, પ્રવાસ વર્ણનો, ચરિત્ર રેખાંકનો, વિવેચનનાં પુસ્તકોતેમજ શિક્ષણ, સમાજ, રાજકારણ, અને સમકાલીન બનાવો વિશે અસંખ્ય લેખો પ્રકાશિત કર્યા હતાં. વધુમાં તેમણે ઉમેર્યું કે, એકસાહિત્યકાર તરીકેગુજરાતના તેમજદેશના જાહેરજીવન સાથેઅંદાજી સદીથી પણ વધારે સમય સુધી તેઓ સંકળાયેલા હતા. ગુજરાત યુનિવર્સિટીમાંગુજરાતીના અધ્યાપક અને પછીથી કુલપતિ, વિશ્વભારતી યુનિવર્સિટીના કુલાધિપતિ, રાજ્યસભાના સભ્ય, સાહિત્ય અકાદમીના પ્રેમુખતેમજ દેશનીસાહિત્ય, સંસ્કૃતિઅને શિક્ષણની અનેક સંસ્થાઓના સભ્ય તરીકેતેમણે સેવાઓ આપીહતી. આ પ્રસંગેજાણીતા સાહિત્યકાર પ્રાગજી ભાઈ ભામ્ભીએ કવિના કાવ્ય પર રોચક વ્યાખ્યાન આપ્યું હતું. આપ્રસંગે શ્રીનિમ્બાર્ક શોધસંસ્થાનનાં નિદેશક ડો. ગોરાંગશરણદેવાચાર્ય, પ્રા. એ.પી. સોલંકી, પ્રા. બી. એસ. પરમાર, પ્રા. દિનેશ પટેલીયા, ડો. રાકેશ જોશીઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન ડો. રૂપાબહેન ભટ્ટે કર્યું હતું.

નવતર પ્રયાસ- માનસિક દિવ્યાંગ બાળકોએ ચાર હજાર સીડ બોલ બનાવી પર્યાવરણના રક્ષક બન્યા

તારંગાના જંગલોમાં કલેકટર, ડીડીઓ સહિત અધિકારીઓ દ્વારા સીડ બોલ ફેંકવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,મહેસાણા

વક્તા જેના પ્રદુષણ અને ગ્લોબલ વોર્મિંગજેવી સમસ્યાઓથી આજનો માનવીઘેરાઈ રહ્યોછે તેવા સંજોગોમાં જન માનસમાં પર્યાવરણના જતન નાસંસ્કાર રોપ્ય તેવાહેતુથી ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટના માનસિક દિવ્યાંગ બાળકો દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરાયું છે. ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટના શાળાના માનસિક દિવ્યાંગવિદ્યાર્થીઓ દ્વારા ચાર હજાર સીડ બોલ બનાવી તારંગા જંગલોમાંજિલ્લા કલેકટર એમ નાગરાજન અને જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ સહિત સંબધિત અધિકારીઓ દ્વારા સીડ બોલ ફેંકવામાં આવ્યા હતા.જેનાથી જંગલોમાંવૃક્ષો વધશે અને સરવાળે પર્યાવરણનું જતન થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ખોડીયાર ટ્રસ્ટના માનસિક દિવ્યાંગ બાળકોએ સીડ બોલ બનાવવા ઉત્સાહ ભેર જોડાઈને પ્રકૃતિ જતનના આ અભિયાનમાં સક્રિય યોગદાન આપી રહ્યાં છે. હાલના સમયમાં પર્યાવરણ ઉપર ખતરાનીઘંટડીવાગી રહીછે, અને પરિણામસ્વરૂપ માનવસમાજ ઉપર તેની ઘાતક અસરો વર્તાઈ રહી છે ત્યારે માનસિક દિવ્યાંગ બાળકો દ્વારા આ સીડબોલ બનાવી જિલ્લાના સંબધિત અધિકારીઓ દ્વારા તારંગાના જંગલોમાં ફેંકાતો જંગલો ઘટાદાર બની પર્યાવરણ સુરક્ષાની ઝુંબેશને વેગ મળશે. ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત દિશાસ્કૂલ ના માનસિક દિવ્યાંગ બાળકોએ બનાવેલ બીજનોબોલ અધિકારીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકો દ્વારા કેંકી વૃક્ષવાવોનું નવતર અભિયાન શરૂ કર્યું છેજે અન્યોય માટે પ્રેરણારૂપ બનશે. બાળકોને સાથે રાખીને તારંગા જંગલોમાંપ્રત્યક્ષરીતેઉપસ્થિતરહી સીડ બોલનું જંગલમાં ફેંકી વાવેતર કરવામાં આવ્યું.પર્યાવરણ જાળવણી માટે દિવ્યાંગ બાળકો પણ સહભાગી થાય એવા આશયથી બનાવેલ સીડ બોલ નું વાવેતર કરેલ છે. એક વ્યક્તિ અને એક વૃક્ષ જેવા સંદેશ આપી સરકારથી લઈ સામાજીક સંસ્થાઓ જ્યારે વૃક્ષ વાવો પૃથ્વી બચાવોનો સંદેશ આપી રહી છે. ત્યારે માનસિક દિવ્યાંગ બાળકોએ બનાવેલ બીજનોબોલ અધિકારીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકો દ્વારા કેંકી વૃક્ષવાવોનું નવતર અભિયાન શરૂ કર્યું છેજે અન્યોય માટે પ્રેરણારૂપ બનશે.

આદિજાતિ વિસ્તારમાં કામો ગુણવત્તાયુક્ત સુવિધાસભર જનપ્રતિનિધિઓના સૂચનો ધ્યાને રાખી કામો ઝડપથી પૂર્ણ કરવા હાંકલ કરતા પ્રભારીમંત્રીશ્રી પરમાર

નર્મદા જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી ભીખુસિંહજુ પરમારની અધ્યક્ષતામાં ગુજરાત પેટર્ન યોજના આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ : રજૂ કરાયેલા કામોને મંજૂરી અપાઈ

કમલમ્ ન્યુઝ,રાજપીપલા,

એસ્પિરેશનલ નર્મદા જિલ્લાના પ્રભારી અને રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં ગુજરાત પેટર્ન યોજના આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લાના ચુંટાયેલા જન પ્રતિનિધિ અને વહીવટી તંત્રના અમલીકરણ અધિકારીની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી સભાખંડમાં વર્ષ-૨૦૨૩-૨૪ ના આયોજન અમલવારીઅંગે બેઠક મળીહતી.આબેઠક પૂર્વે મંત્રીશ્રીએ આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર સંચાલિત, આદર્શ નિવાસી શાળા મિશ્ર-તિલકવાડા, અને આદર્શ નિવાસી શાળા ગરૂડેશ્વર ની આકસ્મિક મુલાકાત લીધી હતી. જેમાં રહેવા જમવાની સુવિધા કલાસરૂમ, રસોડું અને ભોજનુ સામુગ્રીનીચકાશણી કરીને વિદ્યાર્થીઓને આપવામાં આવતી સુવિધા અંગે સંતોષ વ્યકત કર્યો હતો. ભોજનની ગુણવત્તા પણ ચકાસી હતી. પ્રભારી મંત્રીશ્રી ભીખુસિંહજીની અધ્યક્ષતામાં ગુજરાત પેટર્ન આયોજન બેઠકમાં વર્ષ-૨૦૨૩-૨૪ નુ જિલ્લાના વિવિધ ૨૨ વિભાગોનું આયોજન પ્રેઝન્ટેશનદ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.જેને મંત્રીશ્રીએ બહાલી આપી હતી. જેમાં નર્મદા જિલ્લાની કુલ નાણાકીય જોગવાઈ રૂ. ૧૮૯૪.૬૬ લાખની સામે કુલ રૂ. ૨૧૩૧.૫૮ લાખની જોગવાઈનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૧૨૨કા વધારે છે. જેમાં કુલ ૬૧૫ કામોનો સમાવેશ કરી અંદાજિત ૧૯૩૬ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા છે. આ કામોમાં સદરવાઈઝ જોઈએ તો પાક કૃષિ વ્યવસ્થા બાગાયત, પશુપાલન, ડેરી વિકાસ, મત્સ્યોદ્યોગ, વન વિકાસ, સહકાર, ગ્રામવિકાસ, નાની સિંચાઈ વિસ્તાર વિકાસ, વિજળીકરણ, ગ્રામ અને લઘુ ઉદ્યોગ, રસ્તાઅને પુલો, નાગરિક પુરવઠો, શિક્ષણ તાંત્રિક, તબીબી અનેજાહેર આરોગ્ય, પાણીપુરવઠો, શ્રમ અને રોજગાર, પોષણ, મધ્યાહન ભોજન યોજના જેવી બાબતોનુસમાવેશ થાય છે. નર્મદા જિલ્લામા કુલ રૂ. ૧૯૦૪.૬૬ લાખની જોગવાઈ સામે નાંદોદ તાલુકામાં રૂ. ૪૭૪.૪૮ લાખ, ગરૂડેશ્વર તાલુકામાંરૂ. ૩૦૪.૩૨ લાખ, દેડીયાપાડામાંરૂ. ૫૫૦.૨૪ લાખ, સાગબારા તાલુકા માં ૩૫૮.૨૩ લાખ અને તિલકવાડા તાલુકામાં રૂ. ૨૦૩.૪૦ લાખની જોગવાઈનો સમાવેશ થાય છે. આ બેઠકને સંબોધતા મંત્રીશ્રી પરમારે જણાવ્યું હતું કે, અહીં રજૂ થયેલા કામોને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના ઉપસ્થિતિમાં બહાલી આપીને મંજૂર કર વામાં આવે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને આદિજાતિ વિસ્તારમાં કામે ગુણવત્તાયુકતઅને સમયસર પૂર્ણ થાય અને વિકાસના કામોને સૌએ વેગ આપી જિલ્લાની સ્થિતિમાં સસયોગ કરવા અપિલ કરી હતી. બાકીરહી ગયેલા કામો ઝડપભેર પૂર્ણ કરી લોક સુખાકારીમાં ત્વરીકરવા આહવાન કર્યું હતું. જન પ્રતિનિધિઓનો સૂચનો અને કામોને પણ પ્રાધાન્ય આપી સૌ સંપીને જિલ્લાના વિકાસની છાપનેઆગળ ધપાવીએ જિલ્લાની કામગીરી અંગે સંતોષ વ્યકત કર્યો હતો. એકબીજા વિભાગોનું સંકલન અને સહકારથી કામ પૂર્ણકરવા સૂચના આપી હતી. આ બેઠકમાં નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પયુષાબેન વસાવા, નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડી.દર્શનાબેન દેશમુખ, ડેડિયાપાડાના ધારાસભ્યશ્રી ચૈતરભાઈ વસાવા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ અને જિલ્લા કલેકટર શ્રી ધ્વેતા તલવિયા, પ્રાંત અધિકારીશ્રી અંકિત પશુ, પ્રાયોજના વહીવટદાર શ્રી હનુલ ચૌધરી, પ્રાંત અધિકારીશ્રી અને જિલ્લાના ટી.ડી.ઓ.શ્રી, વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યાહતા.

જિલ્લા કલેક્ટર કચેરી સભા ખંડમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને વહીવટી તંત્રના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં

રાજપીપલાના ડો. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે શ્રી અન્ન (મિલ્ટ્સ) વાનગી સ્પર્ધા અને મિલેટ્સ મેળાની ઉજવણી કરાઈ

ભારત દેશે હંમેશા વિશ્વને એક આદર્શ જીવન જીવવાનો સંદેશો પાઠવ્યો છે જેનુ શ્રેષ્ઠ ઉદાહરણ છે લોકોને પરંપરાગત આહાર 'શ્રી અન્ન' તરફ પ્રોત્સાહિત કરવાની હાંકલ :- જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવા

આઈ.સી. ડી.એસ. વિભાગના પોષણક્ષમ વાનગીઓના સ્ટોલ-પ્રદર્શને સૌનું ધ્યાન ખેંચ્યું : મહેમાનોએ સ્ટોલમાં સ્વાદિષ્ટ અને પોષણક્ષમ વાનગીઓનો સ્વાદ માણ્યો

કમલમ્ ન્યુઝ,રાજપીપલા,

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સહિત નર્મદા જિલ્લો લોકોને પ્રાકૃતિક ખેતી, ભારતનીપરંપરાગત ખેતપેદાશો શ્રીઅન્ન (મિલેટ્સ)-ની ખેતીને અને રોજીંદા આહાર તરીકે પોષણયુકત ધાન્ય મિલેટ્સના ઉપયોગ અંગે પ્રોત્સાહિત કરવાની સરાહનીય કામગીરી કરીરહ્યું છે. નર્મદા જિલ્લાના ડો. બાબા સાહેબ આંબેડકર હોલ રાજપીપલા ખાતે આજે આઈ.સી.ડી.એસ. અને જિલ્લા ખેતીવાડી વિભાગના સંયુકત ઉપક્મે યોજાયેલી શ્રી અન્ન (મિલ્ટ્સ) વાનગી સ્પર્ધા અને મિલેટ્સ મેળામાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવા અને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ પોતાની પ્રેરક ઉપસ્થિતિ નોંધાવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન વસાવાએ જણાવ્યું કે, ભારત દેશે હંમેશા વિશ્વને એક આદર્શ જીવન જીવવાનો સંદેશો પાઠવ્યો છે. આપણે સૌએ આવનારી પેઢીનેતંદુરસ્ત બનાવવા જુવાર, બાજરી, નાગલી જેવા પોષણયુકત ધાન્યનોઆહાર તરીકે ઉપયોગ કરવો જોઈએ. વધુમા શ્રીમતી વસાવાએ આઈ.સી.ડી.એસ. અને આંગણ વાડીની બહેનોની કામગીરીને બિરદાવીને જિલ્લામા પ્રાકૃતિક કૃષિ તથા પરંપરાગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખેતીવાડી વિભાગ દ્વારા પણ પરંપરાગત મિલેટ્સમાંથી તૈયાર કરેલ વાનગીનાસ્ટોલ ઉભો કરાયો હતો. કાર્યક્રમ દરમિયાન મંચ પર આંગણવાડી બહેનોની સરાહનીયકામગીરીને બિરદાવવા સહિત મિલેટ્સમાંથી તૈયાર કરાયેલી અનનવીવાનગીઓ તૈયાર કરનાર વિજેતા બહેનોને પોષણયુકત અનાજની કીટ, પ્રશસ્તિ પત્ર અને શાલ ઓઢાડી આદર સત્કાર સાથે સન્માનિત કરવામાં આવી હતી. ઉપરાંત પ્રાકૃતિકખેતી તથામિલેટ્સમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર લાભાર્થી ખેડૂત મિત્રોને ક્ષેત્રિય નિદર્શન મિલેટ્સ કીટમાંજુવાર બિયારણનીકીટ તથા બહેનો પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રારંભે ભૂલકાઓએ બાલ ગીત રજૂ કરીને મહેમાનોનું સ્વાગત કર્યું હતુ. વિશેષ ઉપસ્થિતિ નોંધાવનાર મહેમાનોએ ભૂલકાઓને ઈનામ બોક્સ બક્ષિસ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિ અનેમિલેટ્સ એકબીજાના પૂરક છે.

શારીરિક શૌષ્ઠવ માટે મિલેટ્સમાંથી તૈયાર કરેલી વાનગીઓ બાળકોને અને પોતાના પરિવારને ખવડાવી તંદુરસ્ત જીવન જીવવા તથા લોકોને જનજાગૃતિ વધારવા સંકલ્પબદ્ધ કરતા નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ

ખેતપેદાશોને પ્રોત્સાહિત કરવા તથા મિલેટ્સ થાન્યને પ્રદર્શનીના માધ્યમથી નિદર્શન ગોઠવી સૌને જાગૃત કર્યા હતા.

અદાણી ફાઉન્ડેશન દ્વારા પણ પરંપરાગત મિલેટ્સમાંથી તૈયાર કરેલ વાનગીનાસ્ટોલ ઉભો કરાયો હતો. કાર્યક્રમ દરમિયાન મંચ પર આંગણવાડી બહેનોની સરાહનીયકામગીરીને બિરદાવવા સહિત મિલેટ્સમાંથી તૈયાર કરાયેલી અનનવીવાનગીઓ તૈયાર કરનાર વિજેતા બહેનોને પોષણયુકત અનાજની કીટ, પ્રશસ્તિ પત્ર અને શાલ ઓઢાડી આદર સત્કાર સાથે સન્માનિત કરવામાં આવી હતી. ઉપરાંત પ્રાકૃતિકખેતી તથામિલેટ્સમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર લાભાર્થી ખેડૂત મિત્રોને ક્ષેત્રિય નિદર્શન મિલેટ્સ કીટમાંજુવાર બિયારણનીકીટ તથા બહેનો પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રારંભે ભૂલકાઓએ બાલ ગીત રજૂ કરીને મહેમાનોનું સ્વાગત કર્યું હતુ. વિશેષ ઉપસ્થિતિ નોંધાવનાર મહેમાનોએ ભૂલકાઓને ઈનામ બોક્સ બક્ષિસ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિ અનેમિલેટ્સ એકબીજાના પૂરક છે.

મહુવા તાલુકાના આંગલધરા સનાતન કન્યા વિદ્યાલય ખાતે Hepatitis-A,B&C, Hiv -AIDS, STR/RET જેવા વાયરસને લઈને વિદ્યાર્થીઓને જાણકારી અપાઈ

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

૨૮ જુલાઈને વર્લ્ડ "Hepatitis" ડે તરીકે મનાવવામાંઆવેછે. Hepatitis વિષયપર Hbs Ag વાઈરસને લઈ જન જાગૃતિ ના અભિયાન ના ભાગરૂપે તારીખ ૨૧ જુલાઈ ૨૦૨૩ના રોજ સનાતન કન્યા વિદ્યાલય આંગલધરા ના મહુવા જી. સુરત ખાતે Hepatitis વિશે વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું.

સાથે Hiv-AIDS, જેવા લા ઈલાજ વાઈરસ વિષય પર, તથા STI-RTI રોગો વિશે નેશનલ AIDS કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ચાલતાઆરોગ્ય કલ્યાણ કારી પ્રવૃત્તિના ભાગરૂપે ICTC/PPTCT વિભાગમાકાઉન્સેલર તરીકે સેવાકીય ફરજ બજાવતા રશેષભાઈ ગામીત. રેફ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર - અનાવલ દ્વારા સમજણ આપવામાં આવી હતી એકટ ૨૦૧૭ ના માધ્યમે રેટ્રિ રિએકટીવ કલાઈન્ટ સાથે થતાભેદભાવ અનેલાંછન ના થાય એ બાબત સમજાવવામાં આવી, આ કાર્યક્રમમાં શાળાની ૪૭ જેટલી તરુણા એઆ બાબત ની ગંભીર તાને ધ્યાને લીધી હતી. અને આકાર્યક્રમ ના અંતે વિદ્યાલય ના વિદ્યાર્થી દ્વારા આભાર વ્યક્ત કરી પૂર્ણ કરવા માઆવ્યો હતો.

ડેરી કોઓપરેટિવ દ્વારા મહિલાઓની આગેવાની હેઠળ ટકાઉ વિકાસ – W20 જનભાગીદારી ઈવેન્ટ

કમલમ્ ન્યુઝ,
આઝાદી કા અમૃત મહોત્સવના નેજા હેઠળ આણંદ, ગુજરાત ખાતે W20 જન ભાગીદારી કાર્યક્રમ, "ડેરી સહકારી દ્વારા મહિલાઓની આગેવાની હેઠળનો ટકાઉ વિકાસ" થીમ પર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડેરી ક્ષેત્રના પ્રતિષ્ઠિત મહેમાનો, નિષ્ણાતો અને મહિલા અગ્રણીઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. શ્રી પરષોત્તમ રૂપાલાએ વર્ચ્યુઅલ રીતે સંબોધન કર્યું હતું અને ડેરી ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકા અને મહત્વ પર ભાર મૂક્યો હતો, મૂલ્યવર્ધિત ઉત્પાદન ઉત્પાદનમાં તેમના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો અને હાઈલાઈટ કર્યું હતું કે હાલમાં ૧૮ ડેરી સહકારી મહિલાઓ દ્વારા સંચાલિત છે. એએચડીના સચિવ, શ્રીમતી. અલકા ઉપાધ્યાયે શ્વેત ક્રાંતિમાં મહિલાઓના નોંધપાત્ર યોગદાન પર ભાર મૂક્યો, જેમાં ડેરી ક્ષેત્રમાં ૭૦ ટકા કર્મચારીઓ મહિલાઓ છે. તેણીએ એ પણ ઉલ્લેખ કર્યો છે કે નવી A-HEL (પ્રાથમિક સેવા અને પશુધન ઉત્પાદનના વિસ્તરણ માટે માન્યતા પ્રાપ્ત એજન્ટ) પહેલ, જેમાં પ્રાથમિક સેવાઓ પ્રદાન કરતી વખતે સ્થાનિક પશુચિકિત્સા સેવાઓ અને પશુધન માલિકો વચ્ચેના અંતરને દૂર કરવા માટે સમુદાય આધારિત મહિલા કાર્યકરો સામેલ છે. તેણીએ વન હેલ્થ કોન્સેપ્ટના મહત્વ અને રોગોની રોકથામના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. શ્રી જગદીશ વિશ્વકર્મા, સહકાર રાજ્યમંત્રી, ગુજરાત સરકારે ઔપચારિક દીપ પ્રગટાવ્યો હતો તેમજ 'જન ભાગીદારી - ડેરી સહકારી દ્વારા મહિલાઓની આગેવાની હેઠળના ટકાઉ વિકાસ'ના ઉદ્ઘાટનને દર્શાવે છે તેના પર પ્રકાશ પાડ્યો હતો. ભાગીદારી કાર્યક્રમમાં તેમના સ્વાગત પ્રવચન દરમિયાન, ઉ૨૦ના અધ્યક્ષ ડૉ. સંધ્યા પુરેચાએ ઉ૨૦ના ઉદ્દેશ્યો પર ભાર મૂક્યો હતો, જેનો ઉદ્દેશ્ય મહિલાઓને સશક્ત બનાવવા અને ડેરી ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોમાં તેમની ભાગીદારીને મજબૂત કરવાનો હતો. સુશ્રી ભારતી ગોષે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મહિલાઓએ ભજવેલી મહત્ત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો અને ભારત સરકારની યોજનાઓએ દેશમાં મહિલાઓ માટે સક્ષમ વાતાવરણ અને ઈકોસિસ્ટમ કેવી રીતે બનાવી તેના પર ભાર મૂક્યો. ભાગીદારી - ડેરી સહકારી દ્વારા ટકાઉ મહિલાઓનું નેતૃત્વ' કાર્યક્રમમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી મહિલા ડેરી ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ખેડૂતોએ W20ના પાંચ મુખ્ય અગ્રતા ક્ષેત્રોમાં: મહિલા ઉદ્યોગસાહસિકતા, ગ્રાસરૂટ વિમેન લીડરશીપ, જેન્ડર ડિજિટલ ડિવાઈડ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને ક્લાયમેટ એક્શન પર તેમની નોંધપાત્ર સફળતાની વાર્તાઓ શેર કરી શ્રી જયેન મહેતાએ અમૂલ અને ભારતના ડેરી સેક્ટરની પ્રગતિ અને વિકાસ વિશે સમજ આપી હતી. સુશ્રી કેરોલિન ઈમોન્ડ, IDFના મહાનિર્દેશકે, "વૈશ્વિક ડેરી ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકાને ઓળખવા અને તેને મજબૂત બનાવવી" શીર્ષકનું પ્રેઝન્ટેશન આપ્યું. તેણીની પ્રસ્તુતિએ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૫, એગ્રીફૂડ પ્રણાલીમાં મહિલાઓની સ્થિતિ અને મહિલા સશક્તિકરણમાં ડેરીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ડૉ. એનડીડીબીના ચેરમેન મીનેશ શાહે સહકારી સંસ્થાઓમાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકા વિશે વાત કરી હતી અને ડેરી ક્ષેત્રમાં મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે એનડીડીબીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. શ્રી જગદીશ વિશ્વકર્મા, સહકાર રાજ્યમંત્રી, ગુજરાત સરકારે, ભારતમાં ડેરી સહકારી સંસ્થાઓને મજબૂત કરવાના ભારત સરકારના મિશન અને ડેરી ક્ષેત્રમાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂક્યો. સમાપન વક્તવ્યમાં, W20ના મુખ્ય સંયોજક સુશ્રી ધરિત્રી પટનાયકે તમામ સહભાગીઓનો આભાર વ્યક્ત કર્યો અને ડેરી ક્ષેત્રમાં મહિલાઓની આગેવાની હેઠળના ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. વુમન 20 (W20) એ અધિકૃત ૨૦ જોડાણ જૂથ છે, જે ૨૦૧૫માં ૨૦ના તુર્કીના પ્રેસિડેન્સી હેઠળ બનાવવામાં આવ્યું હતું, જેનો હેતુ લિંગ સમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો. ઉ૨૦નો પ્રાથમિક ઉદ્દેશ્ય મહિલા સશક્તિકરણ, મહિલાઓના અધિકારોની હિમાયત અને સમાજમાં તેમનો અવાજ ઉઠાવવાનો છે. તેની સ્થાપના એ વિચાર પર કરવામાં આવી હતી કે કોઈપણ પ્રશંસનીય ફેરફારો જોવા માટે સ્થાનિક પહેલને આંતરરાષ્ટ્રીય વ્યૂહરચનામાં સામેલ કરવાની જરૂર છે કારણ કે લિંગ સમાનતા તરફની પ્રગતિ ખૂબ જ ધીમી અને પેરિફેરલ હતી. વધુમાં, તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે G20 નેતાઓની ઘોષણામાં લિંગ સમાનતા અને મહિલા આર્થિક સશક્તિકરણને સમર્થન આપતા પ્રતિબદ્ધતાઓ અને પગલાં શામેલ છે. એક દિવસીય આ ઈવેન્ટમાં "આંતર-શાખાકીય સહયોગ દ્વારા ટકાઉ વિકાસમાં મહિલાઓનું યોગદાન" અને "આખા ક્ષેત્રોમાં મહિલા નેતાઓની સ્થિતિસ્થાપકતાની યાત્રા" અને "સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં મહિલાઓનું યોગદાન" પર પેનલ ચર્ચાઓ જોવા મળી હતી. સુશ્રી રાહીબાઈ સોમા પોપેરે (સીડમધર ઓફ ઈન્ડિયા), શ્રીમતી ટેસી થોમસ (ભૂતપૂર્વ ડાયરેક્ટર જનરલ, એરોનોટિકલ સિસ્ટમ અને અગ્નિ IV મિસાઈલના ભૂતપૂર્વ પ્રોજેક્ટ ડાયરેક્ટર, DRDO), સુશ્રી લજ્જા જેવી પ્રેરણાદાયી મહિલા નેતાઓને દર્શાવતા ગૈસ્વામી (શૂટર, ઈન્ટરનેશનલ પ્લેયર, કોમનવેલ્થ ગેમ્સ મેડલિસ્ટ), અને ડૉ. સંધ્યા પુરેચા, જેમણે તેમની પ્રેરણાદાયી યાત્રાઓ શેર કરી હતી. ડૉ. સંધ્યા પુરેચા દ્વારા મહિલા પ્રતિનિધિઓને તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે સન્માનિત કરીને કાર્યક્રમનું સમાપન કરાયું હતું.

વડોદરામાં કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં ૧૬૯ યુવાઓને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું

સરકારી વિભાગના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ, ભારતીય ખાદ્ય નિગમ, ભારત સરકારની નાણાકીય સેવા આપતી બેંકો એસબીઆઇ, બીઓઆઇ અને એલાઈસીમાં યુવાઓને રોજગારી આપવામાં આવી

કમલમ્ ન્યુઝ,
દેશભરના યુવાઓને રોજગારી આપવાના આશયથી શરૂ કરાયેલ રોજગાર મેળાની સાતમી કડી આજે દેશભરમાં વિવિધ સ્થળોએ યોજાઈ હતી. જે અંતર્ગત વડોદરાના એફજીઆઈ સભાગૃહ ખાતે રોજગારી પત્રો વિતરણ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં કેન્દ્રીય કૃષિ અને મત્સ્ય ઉદ્યોગ રાજ્ય કક્ષાના મંત્રી પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સાંસદ રંજનબેન ભટ્ટ, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ, ધારાસભ્ય કેયુર રોકડીયા, મનીષાબેન વકીલ, જીએસટી પ્રેમકુમાર વર્મા ઉપસ્થિત રહ્યા હતા. વડોદરામાં યોજયેલ સાતમા રોજગાર મેળાનું કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ અને કૃષિ રાજ્ય કક્ષાના મંત્રી પુરુષોત્તમ રૂપાલા સહિતના મહાનુભાવોએ દીપ પ્રકટાવીને પ્રારંભ કરાવ્યો હતો. રોજગાર મેળાની સાતમી કડીમાં ભારત સરકાર હેઠળ જુનિયર એન્જિનિયર્સ, લોકો પાઈલટ્સ, ટેકનિશિયન, ઈન્સ્પેક્ટર, સબ ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ, સ્ટેનોગ્રાફર, જુનિયર એકાઉન્ટન્ટ, ગ્રામીણ ડાક સેવક, આવકવેરા નિરીક્ષક, શિક્ષક, નર્સ, ડૉક્ટર, સામાજિક સુરક્ષા અધિકારી, MTS, અન્ય વિવિધ હોદ્દા/પોસ્ટ પર યુવાઓને રોજગારી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું. વડોદરામાં સરકારી વિભાગના સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમમાં ૯૯, પોસ્ટમાં ૩, ભારતીય ખાદ્ય નિગમમાં ૨, ભારત સરકારની નાણાકીય સેવા આપતી બેંકો એસબીઆઈમાં ૧૦, બીઓઆઈમાં ૪, એલાઈસીમાં ૫૦ મળી કુલ ૧૬૯ ઉમેદવારોને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા રોજગારી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ તેમના પ્રસંગોચિત ઉદબોધનમાં નિમણુંક પામેલ ઉમેદવારોને શુભેચ્છા આપી હતી. ઉમેદવારોને જણાવ્યું હતું કે જે પદ પર કામ કરવા મળેત્યાં ખંત અને મહેનતથી રાષ્ટ્ર સેવા કરવી. ઉપરાંત લોકોની સેવા કરવા અને દેશને આગળ વધારવા માટે પ્રેરિત કર્યા હતા. રોજગારી મેળવતા ઉમેદવારોને સંસ્થા, રાજ્ય અને ભારતના વિકાસમાં પોતાનું યોગદાન આપવા જણાવ્યું હતું. તેમણે રોજગારી મેળવવા માંગતા ઉમેદવારોની મુશ્કેલીઓ અને વ્યથા વર્ણવી હતી, તેમજ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ નોકરી મેળવવા માંગતા ઉમેદવારોની વ્યથાને ઓળખીને આ રોજગાર મેળા યોજીને તેમને સરકારી નોકરી આપવા માટે આયોજન કર્યું છે. તેમણે નોકરી મેળવવા માંગતા યુવાધનને નોકરી માટે કરવી દોડધામમાંથી રાહત કરી આપી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં ૨૦૧૪માં એક હજાર જેટલા સ્ટાર્ટ અપ કાર્યરત હતા જ્યારે આજે મેક ઈન ઈન્ડિયાને ઉજાગર કરતા એક લાખથી વધુ સ્ટાર્ટ અપ ભારતમાં છે જેને પગલે રોજગારીની વધુ તકો ઉભી થઈ છે અને યુવાનોને રોજગારી મળી રહી છે.

એક સમયે વિદેશથી મોંઘા મોબાઈલ ભારતમાં આવતા હતા. કોરોના કાળ બાદ અને વિશ્વમાં રશિયા અને યુક્રેન યુદ્ધની પરિસ્થિતિમાં ભારતની ઈકોનોમી આજે વિશ્વમાં પમા ક્રમે છે. ભારતે ૨૦૨૩માં ૯ મિલિયન ડોલરના મોબાઈલ વિશ્વમાં વેચ્યા છે. તેમજ અન્ય ઉત્પાદનો વિશ્વના બજારમાં વેચી રહ્યા છે. ભારત સરકાર દ્વારા વર્તમાન સમયની માગ મુજબ યુવાનોને કૌશલ્ય વર્ધક તાલીમ આપવામાં આવી રહી છે. તેમજ રોજગારી મેળવનાર ઉમેદવારોને કર્મયોગી પોર્ટલ દ્વારા તેમના ક્ષેત્રમાં કામ કરવાની તાલીમ આપવામાં આવી રહી છે.

સરવા ગામમાં આવેલ અમૃત સરોવરની પાસે વૃક્ષારોપણ કરતાં કલેકટરશ્રી અરવિંદ વિજયન

કમલમ્ ન્યુઝ,
મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાહેંધરી યોજના અંતર્ગત સરવા ગામમાં આવેલ અમૃત સરોવર પાસે જિલ્લા કલેકટરશ્રી અરવિંદ વિજયનના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સરવા ગ્રામવાસીઓ દ્વારા જિલ્લા કલેકટરશ્રી અરવિંદ વિજયનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કલેકટરશ્રીએ મહાકાળી માતાજીના દર્શન કરી આશિર્વાદ મેળવી અમૃત સરોવરની પાસે પહોંચ્યા હતા. જ્યાં સરવા ગ્રામવાસીઓ પાસે સીધો સવાંદ કર્યો હતો. ત્યારબાદ જિલ્લા કલેકટરશ્રી અમૃત સરોવરની પાસે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. ત્યારબાદ અન્ય મહાનુંભાવો દ્વારા પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી અરવિંદ વિજયન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એમ. સોલંકી, DRDA નિયામકશ્રી આર. કે. મકવાણા, તાલુકા પંચાયત પાટણ પ્રમુખશ્રી લક્ષ્મીબેન પટેલ, તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી નરેશભાઈ પરમાર તેમજ અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેવડિયાની જેમ નર્મદા જિલ્લામાં ઈકો ટુરિઝમ થકી માલસામોટ વિસ્તારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી સ્થાનિક આદિવાસી યુવાનોને ઘર આંગણે રોજગારી મળી રહે તેવો રાજ્ય સરકારનો પ્રયાસ – મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં દેડિયાપાડા તાલુકાના માલસામોટ ગામે "હરિત વસુંધરા વન પ્રોજેક્ટ" અંતર્ગત ડ્રોન ટેકનોલોજીથી વન વિસ્તારમાં સીડ્સ અને સીડબોલનું વાવેતર સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,
ગુજરાતના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ચાલુ વર્ષે વનોના વિકાસ, રક્ષણ, સંવર્ધન અને જતન તથા વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ માટે "હરિત વસુંધરા વન પ્રોજેક્ટ" શરૂ કર્યો છે. જે અંતર્ગત નર્મદા જિલ્લા વન વિભાગ દ્વારા ગુજરાતના વન અને પર્યાવરણ, ક્લાઈમેન્ટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે દેડિયાપાડાના માલસામોટ ખાતે ૧૦ હેક્ટરના જંગલ વિસ્તારમાં સીડ્સ વાવેતર અને સીડબોલને જંગલમાં ડ્રોન દ્વારા વાવણીની કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો. ગામલોકો સાથે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. ૫૦૦થી વધુ લોકોએ વૃક્ષ ઉછેરમાં ભાગ લઈ એક-એક વૃક્ષ વાવીને તેના ઉછેર અને માવજત માટેની જવાબદારી ઉપાડી લીધી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, સમગ્ર વિસ્તારમાં આ વર્ષે અત્યાર સુધી ૬૦૦ હેક્ટરમાં વાવેતર થયેલું છે. નર્મદા જિલ્લામાં આપણો વન વિસ્તારો ખૂબ સારા છે પરંતુ તેને વધુ આચ્છાદિત કરવા માટે ગામે ગામથી તમામ લોકોએ વૃક્ષારોપણમાં આગળ આવી અભિયાનના રૂપમાં સ્વયં જોડાવું પડશે. માત્ર વૃક્ષારોપણ નહીં પણ તે છોડની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી તેની યોગ્ય ઉછેર કરીશું તો વન વિસ્તારોને ઘટાટોપ કરવામાં ચોક્કસ પરિણામ મેળવી શકીશું. મંત્રીશ્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં ઈકો ટુરિઝમના વિકાસ થકી સ્થાનિકોને રોજગારી પુરી પાડવા ઉપર વધુ ભાર મૂકે છે, ત્યારે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આ મંત્ર સાથે પર્વતીય વિસ્તારોને હરિયાળા બનાવવા માટે આગળ વધી રહ્યા છે. અને પ્રવાસન થકી ગ્રામીણ ક્ષેત્રના યુવાનોને ઘર આંગણે જ સ્થાનિક રોજગારી ઉપલબ્ધ થાય તેવા ફળાઉ વૃક્ષોના રોપાણ થકી પ્રયત્નો કરી રહ્યાં છે. આ વિચાર પૈકી જ માલસામોટ ગામની ખાસ પસંદગી કરવામાં આવી છે. અને તેથી જ કેન્દ્રિય વિદેશ મંત્રીશ્રી ડો.એસ.જય શંકર પણ ખાસ રસ લઈને માલસામોટ ગામની પ્રગતિ માટે કામગીરી કરી રહ્યા છે. કારણ કે, નર્મદા જિલ્લામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી- કેવડિયા જેવું પ્રવાસન સ્થળ આજે વિશ્વ કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત થયું છે ત્યારે માલસામોટ ઈકો પ્રવાસન-૨ વિકસિત થવાથી તેની આસપાસ નિનાઈ ધોધ, વિવિધ પ્રકારના વૃક્ષોથી આચ્છાદિત વન આવેલું છે. અહીં પ્રવાસીઓ માટે વિવિધ આકર્ષણો ઊભા કરી શહેરી વિસ્તારના લોકોને કુદરતના ખોળે પ્રકૃતિ તરફ આકર્ષી શકાય તેવી અપાર સંભાવનાઓ રહેલી છે. તેના માટેની માળખાકિય સુવિધાઓ

ઘનિષ્ઠ વનીકરણ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષરથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા મંત્રીશ્રી : આ રથમાં ૮થી ૧૦ પ્રકારની પ્રજાતિના ૧૦૦૦ રોપાનું ગામલોકોને વિતરણ કરવામાં આવશે

પણ સરકારશ્રી દ્વારા ઊભી કરવા માટેના પુરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના ભાગરૂપે જ આજે માલસામોટ ગામે અત્યાધુનિત ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી વિવિધ ઝાડના બિયારણો તેમજ સીડબોલને ઢોળાવ વાળા વિસ્તારોમાં પ્રસરાવવા માટે મક્કમતાથી કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે તમામ નાગરિકો પોતાના જન્મદિવસે એક વૃક્ષ અચૂક વાવે તેવો નિર્ધાર કરવા પણ સૌને મંત્રીશ્રીએ અપીલ કરી હતી. માલસામોટ ગામે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત અંદાજિત ૫૦૦ લોકોએ એક-એક છોડ રોપીને પોતાની ભાગીદારી નોંધાવી હતી. મંત્રીશ્રીએ ડ્રોન ઉડાવીને વન્ય પેદાશોના બીજ અને સીડબોલને વન વિસ્તારમાં પ્રસરાવ્યા હતા. સાથો સાથ વન વિભાગ દ્વારા માલસામોટ વિસ્તારમાં થઈ રહેલી કામગીરીને પણ બિરદાવી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ ગામ લોકો સાથે સંવાદ કર્યો હતો. જ્યારે ૭૪મા વન મહોત્સવને વેગવંતો બનાવવા વન વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલા વૃક્ષ રથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું. આ રથમાં ૮થી ૧૦ વિવિધ ફળાઉ પ્રજાતિના ૧૦૦૦ જેટલા રોપા ગામમાં લઈ જઈ લોકોને વિતરણ કરી વૃક્ષારોપણમાં સહભાગી થવા માટે અપીલ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લા વન વિભાગ દ્વારા ઢોળાવ અને કોતરોવાળા વન વિસ્તારો કે જ્યાં માણસો જઈ શકતા નથી તેવા વિસ્તારોને વધુ હરિયાળા બનાવવા માટે ડ્રોન ટેકનોલોજીના માધ્યમથી સીડ્સ અને સીડબોલનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. વન વિભાગ દ્વારા દેડીયાપાડા, સોરાપાડા અને સગાઈ રેન્જમાં ૫૦ હેક્ટર વન વિસ્તારમાં વાવેતર કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આજે માલસામોટ ખાતે હાથ ધરાયેલા સીડ્સ અને સીડબોલના વાવેતરમાં ૧૦ હેક્ટર વન વિસ્તારને આવરી લેવામાં આવશે. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રીશ્રી મોતીલાલ વસાવા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી શંકરભાઈ વસાવા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેનશ્રી સોમભાઈ વસાવા, જિલ્લા પંચાયતના સભ્યશ્રી હિતેશભાઈ વસાવા, નાયબ વનસંરક્ષકશ્રી નિરજકુમાર તથા સામાજીક વનિકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી મિતેશભાઈ પટેલ, સ્થનિક અગ્રણી રણજીતભાઈ ટેલર સહિત સ્થનિક પદાધિકારીશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યોશ્રીઓ, વન વિભાગના આર.એફ.ઓ. સર્વશ્રીઓ, બીટ ગાર્ડશ્રીઓ અને મોટી સંખ્યામાં ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

નવી શિક્ષણ નીતિના અમલ અને શિક્ષકોની મહેનતથી શકિતશાળી રાષ્ટ્રનું નિર્માણ થશે:-શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર

બનાસકાંઠાને સંસ્કારકાંઠા બનાવવા આનંદ પરિવાર દ્વારા ડીસા તાલુકાના ઝાબડીયા ખાતે શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને શિક્ષણ ચિંતન યોજાયું

જિલ્લાના શ્રેષ્ઠ બાળકોનું ગોલ્ડ અને સિલ્વર મેડલ વડે તથા શ્રેષ્ઠ શિક્ષકોનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું

કમલમ્ ન્યુઝ,
બનાસકાંઠા જિલ્લાને સંસ્કારકાંઠા બનાવવા આનંદ પરિવાર દ્વારા ડીસા તાલુકાના ઝાબડીયા ખાતે શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને શિક્ષણ ચિંતન તથા જિલ્લાના શ્રેષ્ઠ બાળકોનું ગોલ્ડ અને સિલ્વર મેડલ આપી સન્માન તથા શ્રેષ્ઠ શિક્ષકોનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું તેમજ આનંદ પરિવાર દ્વારા ચાલી રહેલ ૬૧ સંસ્કાર શાળાના શિક્ષકોનો મિલન સમારોહ પણ યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવતા જણાવ્યું કે રાષ્ટ્ર નિર્માણના કાર્ય માટે વિદ્યાર્થીઓમાં ચેતના જગાવવાનું કામ શિક્ષકો કરે છે. શિક્ષક પોતાના માટે નહીં પરંતુ સમાજ સેવા સાથે માનવીને અમીર બનાવવાનું કામ કરે છે. વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારોનું સિંચન કરવા માટે સંસ્કાર શાળાઓનું નિર્માણ કરવું છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં સંતશ્રી કલ્પરક્ષિત વિજયજી મહારાજ સાહેબે બાળકોને શિક્ષાની સાથે સંસ્કારો આપવાનું કામ કરીને વ્યક્તિ નિર્માણનું અભિયાન આદર્યું છે. મંત્રીશ્રીએ પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા વિશે વાત કરતા કહ્યું કે આપણી ગુરુકુળ શિક્ષણ પ્રણાલીમાં ૬૪ કળાઓનું જ્ઞાન આપવામાં આવતું હતું. વિદેશી હુમલાખોરો અને મેકોલોની શિક્ષણ નીતિએ આપણી શિક્ષા પ્રણાલીને તોડી નાખી હતી. આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્કિલ એજ્યુકેશન પર ભાર મૂકીને નવી શિક્ષણ નીતિ અમલી બનાવી છે ત્યારે શિક્ષકોની મહેનતથી શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થશે. આ પ્રસંગે સંતશ્રી જ્ઞાનરક્ષિત વિજયજી મહારાજ સાહેબે બનાસકાંઠાને સંસ્કારકાંઠા બનાવવાના સંકલ્પ વિશે વાત કરતા જણાવ્યું કે આજે ભારત દેશની મુખ્ય સમસ્યા ગરીબી, બેકારી કે ભ્રષ્ટાચાર નથી પરંતુ મુખ્ય સમસ્યા છે સારા- સંસ્કારી માણસો શોધ્યા જડતા નથી એ છે. આજે માતા-પિતા પાસેથી નાના નાના બાળકો વિમલ, જાફરી, ગુટખા જેવા વ્યસનો કરતા થાય છે. બાળકોને ચાપીવાનું પણ આપણે શીખવાડીએ છીએ. સંસ્કારયુક્ત શિક્ષણ દ્વારા ગામડાઓથી લઈ શહેરો સુધી વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરવું છે. તેમણે કહ્યું કે માનવતા માટે કામ કરીને સંસ્કારી રાષ્ટ્ર બનાવવાની દિશામાં કામ કરવું છે. બાળકના વિકાસમાં વાતાવરણ બહુ અસર કરે છે ત્યારે આપણા બાળકોને એવુ સુંદર વાતાવરણ પૂરું પાડીને તેમનુ ઉજ્જ્વળ ભવિષ્ય બનાવીએ. આ પ્રસંગે ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે ૨૧ મી સદીને જ્ઞાન અને વિજ્ઞાનની સદી ગણાવી આ સમયમાં શક્તિશાળી રાષ્ટ્ર નિર્માણ માટે શિક્ષણ ખુબ જરૂરી હોવાનું જણાવી કહ્યું કે આપણા બાળકોને સારુ શિક્ષણ અપાવી બનાસકાંઠાને સંસ્કારકાંઠા બનાવવાનો સંકલ્પ સાકાર કરીએ. જયારે ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ માળીએ જણાવ્યું કે, કોઈપણ સારા કાર્યની પાછળ સંવેદના જોડાયેલી હોય છે. શિક્ષકોનું કામ માત્ર બાળકોને ભણાવવાનું નથી પરંતુ ઉત્તમ સમાજનું નિર્માણ કરવાનું છે. દરેક ગામમાં લોકભાગીદારીથી સંસ્કાર

સંસ્કારયુક્ત શિક્ષણ દ્વારા ગામડાઓથી લઈ શહેરો સુધી વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરવું છેઃ-સંતશ્રી જ્ઞાનરક્ષિત વિજયજી મહારાજ

કેન્દ્રો ઉભા કરવાનું આયોજન છે તેમાં સાથ સહકાર આપવાની ધારાસભ્યશ્રીએ અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી ભરતદાન ગઢવીની આનંદ પરિવારના પરામર્શક તરીકે નિમણુંક કરવામાં આવતા મંત્રીશ્રીના હસ્તે આનંદ પરિવારનો બેઝ પહેરાવવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયામાં ખુબ જ ફેમસ વામન કદના નિર્મલ દેસાઈએ પોતાના પ્રવચનથી ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ રખેવાળ દૈનિકના વરિષ્ઠ પત્રકારશ્રી વિક્રમભાઈ શેઠે કરી હતી. આ પ્રસંગે સંતશ્રી કલ્પરક્ષિત વિજયજી મહારાજ સાહેબ, વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષશ્રી હુકમચંદજી સાવલા, પૂર્વ મંત્રીશ્રી અને સંગઠનના પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલા, અગ્રણીઓ સર્વશ્રી ભારતસિંહ ભટેસરીયા, શ્રી દિનેશભાઈ દવે, શ્રી બાદરસિંહ વાઘેલા, શ્રી સંજયભાઈ દવે, શ્રી નટુભાઈ જોષી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. નરેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી વિનુભાઈ પટેલ, શ્રીમતી ગીતાબેન ચૌધરી સહિત અધિકારીઓ, અગ્રણીઓ, શિક્ષકો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નૂતન ફાર્મસી કોલેજ અને ફોર કેર લાઈફ સાયન્સ વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા.

કમલમ્ ન્યુઝ,
સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન નુતન ફાર્મસી કોલેજ અને ફોર કેર લાઈફ સાયન્સ અમદાવાદ વચ્ચે તારીખ ૨૧ જુલાઈના રોજ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ કરવામાં સાઈન કરવામાં આવેલ હતું. આ એમ.ઓ.યુ અંતર્ગત રિસર્ચ પ્રોજેક્ટ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ, સ્ટુડન્ટ પ્લેસમેન્ટ કન્સલ્ટન્સી, પ્રોજેક્ટ અને ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્ટિટ્યૂટ સપોર્ટ જેવા અનેક આયામો નો ફાયદો નૂતન ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓને આગામી સમયમાં પ્રત્યક્ષ લાભ પ્રાપ્ત થશે. આ દિવસે નૂતન ફાર્મસી કોલેજના અંતિમ વર્ષના આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓ એ ફોર કેર લાઈફ સાયન્સના વિવિધ ડિપાર્ટમેન્ટ જેવા કે પ્રોડક્શન, ક્વોલિટી એસ્યોરન્સ, ક્વોલિટી કંટ્રોલ, માઈક્રોબાઈલોજી, પેકેજીંગ, રેગ્યુલેટરી રેક્વિરમેન્ટની મુલાકાત લીધી હતી અને યુનિટના ડિરેક્ટર શ્રી ભાવેશ વ્યાસ અને અન્ય અધિકારીશ્રીઓ સાથે સંવાદનો પ્રત્યક્ષ લાભ લીધો હતો. આ એમ.ઓ.યુ. સાઈન બદલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશ પટેલ પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાણી, અને રજીસ્ટર ડો. કે.એ.પટેલ સાહેબે સંસ્થાના પ્રિન્સિપલ ડો.ઇન્દ્રજીતસિંઘવી અને કોઓર્ડીનેટર ડો. હિરક જોશી ને શુભેચ્છાઓ પાઠવી હતી અને ફોર કેર લાઈફ સાયન્સના મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028